**સુવિચાર**

પહેલા માતા-પિતાની આજ્ઞામાં સંતાનો રહેતા. હવે મોટેભાગે સંતાનોની આજ્ઞામાં રહેવું પડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૩/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ મહા વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૦૬૭

## મહુવા-સાવરકુંડલા-અમરેલી-જેતપુર નેશનલ હાઈવેમાં ગામને બાયપાસ કરાતા

# સાવરકુંડલાનાં ઓળિયા અને ચરખડીયાનાં ખેડૂતોમાં રોષની આંધી

**સેંકડો ખેડૂતોની જમીનનાં ટુકડા થઈ જવાની દહેશત વ્યકત કરવામાં આવી**

**વર્તમાન સ્ટેટ હાઈવેની પહોળાઈ વધારવામાં આવે તો ખેડૂતોને થતી નુકસાનીથી બચાવી શકાય**

**સત્તાધારી પક્ષનાં એક પદાધિકારીની મેલી મુરાદનાં કારણે અનેક ખેડૂત પરિવારો ચિંતામય બન્યા**

**ખેડૂતોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને ન્યાય આપવા માંગ કરી**




તસ્વીર-અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ-સાવરકુંડલા

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલાનાં ઓળિયા અનેચરખડીયાનાંખેડૂતોએદિનેશભાઈ રાદડિયાનીઆગેવાનીમાંનરેન્દ્રમોદીને આવેદનપત્ર પાઠવેલછે.


આવેદનપત્રમાંજણાવેલછે કે,ભારતસરકારધ્વારામહુવા-જેતપુર સ્ટેટ રોડને નેશનલ હાઈવે નંબર ૩૫૧ જાહેરકરેલછે.જેજમીનસંપાદનકરવા અંગેભારતસરકારનારાજપત્ર તારીખ ૧૯/૧/૨૦૨૧ થી ૩-એનું જાહેરનામું દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરેલ હતું. જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ નેશનલ હાઈવે ઓથોરિટી ધ્વારા ખેડૂતોને સાથે રાખીનેહાલજેસ્ટેટરોડછેતેમૂળજગ્યાએ જ બે થી ત્રણ વાર અમો ખેડૂતોને સાથે રાખીને સર્વે કરેલ હતો. અને ઓળિયા ગામ અને ચરખડીયા ગામ સ્ટેટ રોડને નેશનલ રોડમાં જો ફેરવવામાં આવે તો જગ્યાને લઈને કોઈ પણ પ્રકારની અડચણ ઉભી થાય તેમ નથી. પરંતુ એક રાજકીય આગેવાન તેમની પોતાની અને તેમના ભાઈઓની જમીન આવેલ હોય તો રાષ્ટ્રના નાણા ચાઉં કરી જવા જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ પોતાની, પોતાના ભાઈઓની અને તેમના મળ તીયાઓની જમીન બિનખેતી કરાવીને ચરખડીયા ગામના નવા બનતા નેશનલ હાઈવેનું એલાઈમેન્ટ ચેન્જ કરાવીને ઓળિયાઅનેચરખડીયાએમબેગામને બાયપાસ રોડ કરાવેલ છે. તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર

### મા તે મા બાકી બધા વગડાનાં વા

## સાવરકુંડલાનાં બાઢડા નજીક બચ્ચાને મોં માં લઈને માર્ગ ક્રોસ કરાવતી સિંહણ

**સિંહબાળ વાહનની રોશનીની મસ્તીમાં હતા**



અમરેલી, તા. ૨૯

આપણે ત્યાં એક કહેવત છે 'મા તે મા, બાકી બધા વગડાના વા' તે કહેવત માત્ર માનવી ઉપર જ લાગું થાય છે તેવું નથી. જંગલમાં રહેતા ખુંખાર પ્રાણીઓમાં પણ પોતાના બચ્ચા પ્રત્યે અપાર પ્રેમ હોય છે અને જો ભૂલેચૂકે પણ કોઈ પ્રાણીઓના બચ્ચા ઉપર જોખમ આવે તો માતા ગમે તેની સામે બાથ ભીડી લેતાં પળનો પણ વિલંબ કરે નહીં. ત્યારે પિપાવાવ-અંબાજી સ્ટેટ હાઈવે ઉપર સાવરકુંડલાના

અનુસંધાન પાના ૬ ઉપર

### વધુ રાત્રિ અકસ્માતની ઘટનામાં માતા-દીકરો પડી ગયા

## અમરેલી-સાવરકુંડલા માર્ગ વચ્ચે આડેધડ બનાવાયેલ સ્પીડ બ્રેકર કોઈકનો ભોગ લે તે પહેલા દૂર કરવા માંગ

**માર્ગ મકાન વિભાગનાં ભ્રષ્ટ બાબુઓને સ્પીડબ્રેકર હટાવવામાં કોઈ રસ નથી**

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૨૯

છેલ્લા દસેક દિવસથી ઢોલ ટીપી ટીપીને જિલ્લાના અધિકારીઓને કહી રહ્યા છીએ પરંતુ આ અધિકારીઓના બહેરા કાને હજી સંભળાતું નથી.નેશનલ હાઈવે નંબર ૩૫૧ સાવરકુંડલા બાયપાસ થી ચરખડીયા તરફ જતા વચ્ચે એક કિલોમીટર માં ચાર ચાર સ્પીડ બ્રેકર્સ બનાવી નખાયા છે.જયાં આજે બીજો

અનુસંધાન પાના ૬ ઉપર



IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૭૪ ૫૯૫૪૭

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
55,290/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
COMING SOON
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં....
બાલ મંદિરથી ધોરણ -૧૨, (સાયન્સ, કોમર્સ, આર્ટસ)
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

### આગામી લોકસભાની ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજેતા થવાનાં દાવા વચ્ચે

# અમરેલી ખાતે કોંગ્રેસ પક્ષની કારોબારીમાં હાંકલા–પડકારા થયા

ભાજપ સરકારનાં રાજમાં ખેડૂતો, યુવાઓ, નાના વેપારીઓ સહિત સૌ કોઇ ત્રાહીમામ

જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં વિકાસને બદલે માત્ર વિકાસની વાતો જ કરવામાં આવી

દરેક કોંગીજનને ખભેખભા મિલાવીને કામ કરીને ભાજપને પરાસ્ત કરવા આહ્‌વાન થયું

પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુંમર, પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત, ઠાકરશીભાઈ મેતલીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતેનાં કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગી પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, પૂર્વ સાંસદ વિરજી ઠુંમર, પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં જિલ્લા કારોબારી બેઠક યોજાઈ હતી.

આજની કારોબારી મિટિંગમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો, જિલ્લાના તમામ સેલફ્રંટલ અને મોરચાના પ્રમુખો તથા બહોળી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આજની મિટિંગમાં ઉપસ્થિત તમામ અગ્રણીઓએ જિલ્લામાં કોંગ્રેસ કાર્યકરોને આગામી લોકસભાની ચૂંટણી માટે ખૂબ જ ટૂંકો સમય રહ્યો હોય આક્રમકતાથી કામે લાગી જવા હાકલ કરવામાં આવેલ હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા તમામ વિધાનસભા વિસ્તારમાં ગામે ગામ કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા કોંગ્રેસના પાયાના કાર્યકરોને રૂબરૂ મળવા અને દરેક ઘરે રહેલા કોંગ્રેસ કાર્યકરોને ઉત્સાહિત કરવા કાર્યક્રમ ઘડવા આહવાન કર્યું હતું.

ચંદ્રિકાબેન ચુડાસમા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમરેલી જિલ્લા પર સમગ્ર ગુજરાતની મીટ હોય, જિલ્લામાં હજુ પણ કોંગ્રેસ કાર્યકરોમાં જોમ અને જુસ્સો અડીખમ હોય જિલ્લાનાં કોંગ્રેસ અગ્રણીઓ દરેક કોંગ્રેસ વિચારધારાને માનનારા કાર્યકરો અને આગેવાનોને સંપર્ક કરે અને સંગઠનાત્મક કાર્ય કરી અમરેલી લોકસભા સીટ જીતવા કોંગ્રેસ પૂરેપૂરી સક્ષમ છે.

પૂર્વ ધારાસભ્ય અને નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણીએ સૌ સંગઠિત થઈ કામ કરીશું તો અમરેલી લોકસભા ચોક્કસ કોંગ્રેસ જીતશે એવી આશા વ્યકત કરી હતી.

પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે પોતાની આક્રમક શૈલીમાં ભાજપ સરકાર દ્વારા કમરતોડ મોંઘવારી અને લોકોને થઈ રહેલા અન્યાય બાબતે આક્રમકતાથી પોતાનું વકતવ્ય આપી કાર્યકરોને એકસંપ થઈ અમરેલી લોકસભા સીટ જીતવા આહવાન કર્યું હતું.

### પત્નીનો ફોન આવતાં વાત ચાલુ હતી

## અમરેલીમાં મોબાઈલમાં વાત કરવા બાબતે યુવક ઉપર થયો હુમલો

### પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૯

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ગણેશ રેસિડેન્સીમાં રહેતા સાગરભાઈ ઘનશ્યામભાઈ વેકરીયા નામનાં ૨૬ વર્ષિય વેપારી યુવકના જન્મ દિવસની પાર્ટી ગત તા.૨૭ના રાત્રે લલિતભાઈના ઘરે હોય, ત્યાં પોતે તથા તેના અન્ય મિત્રો તથા આરોપી દાનુભાઈ વાઘોશી (રહે.અમરેલી) પણ હાજર હોય આ વખતે યુવકને તેના પત્નિનો ફોન આવતા તે ફોનમાં વાત કરતા હતા તે વખતે આરોપીએ યુવકને કહેલ કે, ફોનમાં વાત કર માં અને તું અહીં આવ, તેમ કહી યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી ગાલ ઉપર એક લપાટ મારી તથા શાક સુધારવાની છરીનો એક ઘા છાતીના ભાગે ડાબી બાજુ તથા ડાબી બાજુ ગળા નીચે છરી મારતા ગળા નીચે ડાબી બાજુ પાંચ ટાંકા તથા છાતી પર ડાબી બાજુ ઈજાવાળી જગ્યાએ બે ટાંકા આવેલ હતા. તથા સાહેદ ભાવિકભાઈએ આરોપીને ઠપકો આપવા જતા તેને પણ આરોપીએ છરીનો એક ઘા ડાબી બાજુ છાતી પર મારી દેતા ઈજા વાળી જગ્યાએ ચાર ટાંકા લાવી મોઢા પર નખના ઉજરડા કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ગુન્હો કર્યાની ફરિયાદ અમરેલી સીટી પોલીસમાં નોંધાઈ છે.

### વન્ય પ્રાણીઓ અવારનવાર અકસ્માતનો ભોગ બનતા હોય

## અમરેલી : દેવળીયા પંથકમાં કૂવાઓને રક્ષિત કરવા માંગ

### સરપંચ ભાવનાબેન સુખડીયાની રજૂઆત

અમરેલી, તા. ૨૯

અમરેલીનાં (ચકકરગઢ) દેવળીયા ગામનાં સરપંચ ભાવનાબેન સુખડીયાએ નાયબ વન સંરક્ષકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીના દેવળીયામાં અનેક કુવાઓ, વાડીઓ તેમજ અવાવરા કુવા આવેલા છે અનેવિસ્તારમાંમોટા ભાગેસિંહોનો વસવાટ છે. જેથી ગમે ત્યારે આકસ્મિક મોત આ કુવામાં પડી જવાની પુરેપુરી શકયતાઓ છે. જેમ કે તાજેતરમાં એક દીપડાનું આકસ્મિક અવાવરા કુવામાં પડી જવાથી મોત થયેલું. જો આ કુવાને વન્યપ્રાણીઓ માટે રક્ષીક કરાયુ હોય તો આ વન્ય જીવ સુષ્ટી મોતને ભેટેલ ન હોય. જેથી હવે પછી સિંહ, દીપડા કેવન્ય પ્રાણીઓનુંઆકસ્મિક મોત ન થાય તે માટે તાત્કાલીક આવા કુવાઓ સર્વે કરી રક્ષીક કરવા માટે, પાકા બાંધવા તેમજ ઉપરના ભાગે જાળી ફીટ કરવા અંતમાં માંગ કરેલ છે.

### રાજયમાં 30 લાખની જનસંખ્યા ધરાવતા

## રઘુવંશી સમાજને લોકસભાની ચુંટણીમાં ટિકિટ આપવા માંગ

### મહાપરિષદનાં પ્રમુખે પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૯

શ્રી લોહાણા મહા પરિષદના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી સતિષભાઈ ડી. વિઠલાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગૃહમંત્રી અમીતભાઈ શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડા, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને રજુઆત કરીને લોકસભાની ચૂંટણીમાં લોહાણા રઘુવંશી સમાજને ટિકિટ આપવા માંગ કરી છે.

તેઓએ રજુઆતમાં વધુમાં જણાવ્યું કે, ભારતવાસીઓ વિશ્વભરના દેશોમાં વસવાટ કરીને મા ભારતીને ગૌરવાંકિત કરી રહ્યા છે તેમા લોહાણા રઘુવંશી સમાજના લોકોના હિસ્સો પણ ગણનાપાત્ર છે, વિશ્વના અગણિત દેશોમાં વસવાટ કરનારા લોહાણા પરિવારોની સૌથી મોટી સંખ્યા આપણા દેશમાં છે અને આપણા ભારત દેશમાં પણ ગુજરાત એવું રાજય છે નેમાંથી સૌથી વધુ લોહાણા –ઠકકર રઘુવંશીઓ ઉદ્યોગ ધંધા ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. સાથે જ સામાજીક સેવા પ્રવૃતિઓમાં લોહાણા સદગૃહસ્થોથી ઉદાર સખાવતથી અનેક સેવાકાર્યો મૂર્તિમંત બન્યા છ, બની રહ્યા છે.

ભગવાન શ્રી રામચંદ્રજીના વંશ જ એવા લોહાણા સમાજનો ઈતિહાસ પણ ગૌરવ પૂર્ણ છે અને આજે પણ દેશ પ્રદેશ વિદેશોમાં લોહાણા સમાજના નેજા હેઠળ અનેકવિધ સેવા પ્રવૃતિઓ આપણી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં યોગદાન આપી રહી છે. આવા લોહાણા સમાજની વૈશ્વિક માતૃ સંસ્થા એટલે શ્રી લોહાણા મહાપરિષદ વૈશ્વિક ફલક પર સમાજના સંગઠનને વધુ સબળ બનાવવાની સાથે સંકલિત રીતે સેવા પ્રકલ્પો માટે કાર્યરત છે.

શ્રી લોહાણા મહાપરિષદ એવી લાગણી વ્યકત કરે છે કે, દેશની લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં ગુજરાત સૌરાષ્ટ્રની કોઈ અને બેઠક પર લોહાણા સીમાજના ઉમેદવારને ભાજપના પ્રતિનિધી તરીકે પસંદગી કરી આપ ૩૦ લાખ જેટલી લોહાણા વસ્તીને સ્થાન આપશો. આમ પણ લોહાણા સમાજ ભગવાન શ્રી રાન વંશજ હોવાના કારણે વર્ષોથી ભાજપ સાથે જ જોડાયેલો સમાજ છે.

જો લઈકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં ભાજપગુજરાત સૌરાષ્ટ્રમાં લોહાણા સમાજને કોઈ એક બેઠક પર તક આપશે તો સમગ્ર લોહાણા રઘુવંશી સમાજ વધુ જોમ અને ઉત્સાહ સાથે ભાજપના તમામ ઉમેદવારો માટે વધુ સક્રિય સહયોગમાં જોડાયેલો રહેશે.

લોહાણા સમાજની આ લાગણી સમજી સ્વિકારી આપ તક આપશો તેવી આશા સતિષષઈ ડી. વિઠલાણી, પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી લોહાણા મહાપરિષદએ વ્યકત કરી છે.

### થોરડી ગામનાં ગીરીશભાઈ ગોસાઈ પાનની દુકાને ભૂલી જતાં

## ગુડ ન્યુઝ : દેવરાજીયાનાં મધ્યમવર્ગીય પરિવારનાં વિનુભાઈ બુટાણીએ 3 લાખનો સોનાનો હાર મૂળ માલીકને પરત કર્યો

### નાયબ દંડકનાં ગામનાં વ્યકિતની પ્રમાણિકતાની ઠેર–ઠેર પ્રશંસા



ચલાલા, તા. ૨૯

અમરેલી તાલુકાના નાનુ એવું દેવરાજીયા ગામમાં પ્રામાણીકતાનું ઉતમ ઉદાહરણ જોવા મળ્યું છે. જાણવા મળેલ વિગત મુજબ મુળ બાબાપુરના થોરડી ગામના વતની અને હાલ અમદાવાદ રહેતા ગીરીશભાઈ ગોલાંધી તેમના વતન અને જુનુ ગામ થોરડી આ તેના મોટાભાઈને ત્યાં લગ્નપ્રસંગ માં આવેલા હતા લગ્નનું કામકાજ પુર્ણકટી કોળકામ માટે અમરેલી ગયા હતા અમરેલી કામકાજ પતાવી પોતાના સગા સાથે બાઈકમાં અમરેલીથી થોરડી આવવા નીકળ્યા હતા ત્યારે અમરેલીમાં જેસીગપરામાં આવતા પાનની દુકાને પોતાની બાઈક ઉભિ રાખી સોડા પીવા ઉભા રહયા હતા સોડા પાન – લીધા બાદ તેના પૈસા આપવા માટે કાઢયા ત્યારે ખીસ્સામાં રાખેલ રૂમાલમાં સોનાનો અંદાજે પાંચ તોલાનો હાર શરતચુકથી નીચે પડી ગયો હતો. ત્યારે ભાળ ગોસાળ અને તેના સગા ત્યાથી જતા રહયા. હતા. ત્યાર બાદ દેવરાજીયા ગામે નાની એવી ખેતી અને આઈસ્ક્રીમ નાની એવી દુકાન ધરાવતા વિનુભાઈ બુટાણી જેશીંગપરામાં તે જ દુકાને બાઈક ઉભી રાખી ફાકી ખાતા હતા ત્યારે તેનુ ધ્યાન અચાનક નીચે પડતા તેની નજરમાં સોનાનો હાર દેખાતા તેઓએ સોનાનો હાર લઈને પાનની દુકાનવાળાને બતાવતા તેઓએ કીધું કોઈકનો પડી ગયો હશે.વિનુભાઈ બુટાણીએ પાનની દુકાનવાળાને તેનો મો.નં. આપીને કિધુ કે કોઈ વ્યકિત અહીં તપાસ કરવા આવે અને કોઈ જાણ કરે કે મારો હાર પડી ગયો છે. તો મારા નંબર પર કોન્ટેક કરાવજો વિનુભાઈ બુટાણીએ મળેલ હાર પોતાના ખીચામાં મુકી પોતાના ગામ દેવરાજીયા જતા રહયા ત્યાર બાદ અંદાજે ચાર કલાક બાદ જેમનો સોનાનો હાર પડી ગયો હતો તે ગીરીશભાઈ ગોસાઈ અને તેના બીજા બે સગા હાફળા–ફાફળા થતા પાનની દુકાને આવીને વાત કરી કે અમો બપોરે સોડાપીવા આવ્યા હતા ત્યારે અમારો હાર પડી ગયો છે. તમોને ભાળ મળેલ છે. ત્યારે પાનની દુકાન ધરાવતા વ્યકિતએ વિનુભાઈ બુટાણીનો નંબર આપી જાણ કરતા ગીરીશભાઈ ગોસાઈ અને તેના સગા દેવરાજીયા વિનુભાઈ બુટાણીની નાપી એવી કોઠી આઈસ્ક્રીમની દુકાને આવી વિનુભાઈ બુટાણીને પોતાનો હાર જેશીંગપરામાં આપેલ પાનની દુકાને સોડા અને પાન ખાવા ઉભા રહયા હતા ત્યારે પડી ગયો છે. અને હારની ખાત્રી આપના માનવતાવાદી અને પ્રમાણીક એવા વિનુભાઈ બુટાણી એ પોતાનો મળેલ અંદાજે પાંચ તોલાનો સોનાનો રૂા. ૩ લાખની કિમતનો હાર પલનો પણ વિચાર કર્યા વગર મુળ માલીક એવા ગીરીશભાઈ ગોસાઈને પરત કરી દેતા ગીરીશભાઈ ગોસાઈ અને તેમની સાથે આપેલા અન્ય સગાઓની હર્ષ સાથે આખ ભીની થઈ ગઈ હતી દેવરાજીયા જેવા નાના ગામમાં ન્વજા કોઠી આઈસ્ક્રીમની દુકાન અને નાની સુકી જમીનમાં મંજુરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા એવા વિનુભાઈ બુટાણી એ સોનાનો હાર પરત કરી પોતાની માનવતા અને પ્રમાણીકતાનું ઉતમ ઉદાહરણ પુરુ પાડતાં દેવરાજીયાના વતની અને ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક કૌશિક વેકરિયાને આ બનાવની જાણ થતા તેઓએ વિનુભાઈ બુટાણીનું ગામ લોકોની હાજરીમાં પુષ્પ ગુરછ આપી અભિનંદન સાથે ધન્યવાદ પાઠવી ખુશી વ્યકત કરી હતી ત્યારે ગામ લોકો એ પણ વિનુભાઈ બુટાણીને અઢળક અભિનંદન પાઠવ્યા છે. અત્યારના ફાસ્ટ પણમા પૈસા એજપરમેશ્વર છે. તેમ લોકો માને છે. અને પૈસા મેળવવા લોકો જુદી–જુદી યુકિતઓ કરી લોકોની સાથે છેતરપીંડી કરી પૈસા મેળ વતા હોય છે. ત્યારે એક સામાન્ય પટેલ પરિવારના વિનુભાઈ બુટાણી કોઈ પણ પ્રકારની લાલચ રાખ્યા વગર મુળ માલીકને રૂ ૩ લાખનો હાર પરત કરી જે પ્રમાણીકતા બતાવી છે. જયારે પોતાનો ખોવાયેલો હાર પરત મળી જતા ગીરીશભાઈએ ખુશીથી વિનુભાઈને બક્ષીસ આપવાની વાત કરી તો બક્ષીસ લેવાની ના પાડી પોતાનો ખર્ચ આઈસ્ક્રીમ ખવરાવી રવાના કરેલ હોય તેમ ચલાલાથી પ્રકાશકાટીયા એ જણાવેલ છે.

### સારહિ યુથ કલબનાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં

## કુંકાવાવ ખાતે આગામી રવિવારે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

### ખોડલધામ સમિતિ અને ગૌ સેવા ધુન મંડળનું આયોજન


કુંકાવાવ, તા. ૨૯

કુંકાવાવમાં તા. ૩/૩/૨૪નાં રોજ સારહિ યુથ કલબનાં ૨૫ વર્ષ પુર્ણ તથા ઉજવણીનાં ભાગરૂપે સુદર્શન નેત્રાલય દ્વારા આંખનાં રોગોનું નિદાન તેમજ નેત્રમણી મોતીયાનાં ઓપરેશનનો કેમ્પ આગામી રવિવારનાં રોજ નીલકંઠ મંદીરનાં પટાંગણમાં સવારનાં ૮ થી ૧૨ સુધી યોજાશે. જેમાં અમરેલી સુદર્શન નેત્રાલયની ટીમ સેવા આપશે. જરૂરરતમંદ દર્દીએ લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જયારે સારહિ યુથ કલબનાં હોદ્દેદારો હાજર રહેશે તેમજ સ્થાનિક ટીમ સહયોગમાં રહેશે. આમ અનોખી ઉજવણી સારહિ યુથ કલબ દ્વારા કરીને માનવ સેવા એ જ પ્રભુ સેવાના સુત્રને સાર્થકતા સાથે કુંકાવાવનાં પ્રસિધ્ધ નીલકંઠ મંદિર ખાતે નેત્રનિદાન ઓપરેશન કેમ્પ યોજાશે.

### સ્વચ્છતા અભિયાનની ઐસી તૈસી

## રાજુલામાં ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ પર ફરી વળતાં નારાજગીનો માહોલ

### સ્થાનિકોની રજુઆતને કોઈ ગંભીરતાથી લેતુ નથી



અમરેલી, તા. ૨૯

રાજુલા શહેર ના લિંડકિયા શેરી વિસ્તાર માં ગટર ની સમસ્યા થી ત્રાહિમામ પોકારી ચૂકૂયા છે ગટર ના પાણી ફરી વળતા લોકો મુશ્કેલી માં મૂકૂયા છે આ વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી આ સમસ્યા છે સ્થાનિકોનો આક્ષેપ છે કે નગરપાલિકા કચેરી ખાતે કાયમી ચીફ ઓફિસર ના હોવાથી મુશ્કેલિ રજુઆત કરવા સમયે ચીફ ઓફિસર પણ રજૂઆત કરવા સમયે હાજર જોવા મળતા નથી બીજી તરફ રાજુલા શહેરમાં કાયમી ચીફ ઓફિસર નિમણૂક કરવામાં આવે તો શહેરના પ્રશ્નો નિરાકરણ આવે અને આ પ્રશ્નનું પણ નિરાકરણ આવે, સ્થિતિ એટલી ખરાબ છે કે ગટરના પાણી હવે છેક એક છેડે થી બીજા છેડા સુધી પહોંચી ગયા છે. જેથી આ વિસ્તાર શાળાએ જતા વિદ્યાર્થીઓને ના છુટકે ગટરના પાણીમાંથી ચાલવું પડે છે. અને આ વિસ્તાર ના સ્થાનિકોએ એક વર્ષથી વારંવાર ઉભરાતી ગટરની સમસ્યા અંગે રજૂઆત કરી પરંતુ કામગીરી હજી શૂન્ય જ છે સરકાર ના જન પ્રતિનિધિઓ વિકાસ ની વાત કરતા હોય ત્યારે શુ આને વિકાસ કહેવાય ? ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આ વિસ્તાર્ ના રહીશો ને ન્યાય મળશે કે કેમ ?

## પ્રગતિશીલ ખેડૂત દિલુભાઈ અને જયદીપ બોરીચાનો નવતર પ્રયોગ

# સાવરકુંડલાનાં લુવારાનાં પ્રગતિશીલ ખેડૂતે ૪૦૦ ગ્રામની ડુંગળી ઉજેરી

**નિકાસ થાય અને દેશને વિદેશી ડોલર અપાવે તેવી ડુંગળીનું ઉત્પાદન કર્યુ**

**કયાંય જોવા ન મળે તેવી ડુંગળી તૈયાર થતાં અન્ય ખેડૂતો ડુંગળી નિહાળવા જઈ રહ્યા છે**

**સ્થાનિક કક્ષાએ ડુંગળીનાં મળતા ભાવોથી ખેડૂતોને સંતોષ ન હોય નવતર પ્રયોગ લાભદાયી રહેશે**

**ડુંગળી પકવતાં અન્ય ખેડૂતોએ પણ પ્રેરણા લઈને ૪૦૦થી ૫૦૦ ગ્રામની ડુંગળી તૈયાર કરવી જોઈએ**









**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૨૯

લુવારાના પ્રગતિશીલ ખેડૂત દિલુભાઈ ડી. બોરીચા અને જયદીપ બોરીચાએ પોતાના ખેતરમાં મસમોટી ચારસો સાડી ચારસો ગ્રામની એક થાય તેવી ડુંગળી ઉજેરી છે. જે ડુંગળી એક્સપર્ટ થાય તેવી કવોલિટીની છે. અહીં ડુંગળીના ભાવમાં હમણાં કડાકા ચાલી રહ્યા છે અને ખેડૂતોને હાલ ભાવ તૂટતા ખોટ ખાવાનો વખત આવી ગયો છે. ત્યારે લુવારાના આ પ્રગતિશીલ ખેડૂતે પોતાની સુજથી મસમોટી ડુંગળી ઉજેરી છે જે ડુંગળીને જોવા લોકો આવી રહ્યા છે. આ સફેદ ડુંગળીનું વજન કરવામાં આવે તો એક ડુંગળી સવા ચારસો ગ્રામ તો કોઈ ડુંગળી પાંચસો ગ્રામની પણ છે જેને કિલો લઈએ તો માત્ર બે અથવા અઢી નંગ ડુંગળી થાય છે. જે ખેડૂત દ્વારા પોતાની સુજબુજ અને મહેનતથી આ ડુંગળી ઉજેરી છે. અહીં અમરેલી જિલ્લામાં ખાસ કરી ૧૧ હજાર હેકટરમાં ડુંગળીનું વાવેતર નોંધાયું છે. ત્યારે લુવારાના દિલુભાઈ ડી. બોરીચાએ પોતાના ખેતરમાં ડુંગળીનું વાવેતર કરી મસમોટી ડુંગળીની ખેતી કરતા હાલ અડધો કિલોની ડુંગળી હાલ ખેડૂતોમાં ચર્ચાનો વિષય બની છે.

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરાનાં દરેડ માર્ગ ઉપર વાડીનાં ઝુંપડામાંથી વિદેશી દારૂની ૪૯૦ બોટલ ઝડપાઈ

**એક આરોપીની અટકાયત અન્ય ૨ ની શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૨૯

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે અમરેલી જીલ્લામાંથી દારૂ–જુગારની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ દરોડા કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. સી.એસ. કુગસીયાની રાહબારી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. એ.એમ. રાધનપરા તેમજ બાબરા પોલીસ સ્ટેશનની ટીમ નાઈટ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન બાતમી મળેલ કે બાબરાથી દરેડ તરફ જતા રોડ નજીક આવેલ મેરામભાઈ હાથીભાઈ વાળાની વાડીમાં આવેલ ઝુપડામાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની બોટલો રાખી વેચાણ થતું હોવાની હકિકત મળતા બાતમી વાળી જગ્યાએ જઈ દરોડો કરતા અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ ૪૯૦ તથા કાર નંગ ૧ મળી કુલ રૂપિયા ૨,૧૦,૬૪૦નો મુદામાલ તથા આરોપી કિશનભાઈ હરેશભાઈ દવે (રહે. બાબરા) મળી આવેલ હોય. જેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટકલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) હેઠળ કાર્યવાહી હાથ ધરેલ છે. જયારે મેરામભાઈ હાથીભાઈ વાળા (રહે. અમરાપરા તા. બાબરા) તથા ઉદયભાઈ બાબભાઈ ધાંધલ (રહે. નીલવડા તા. બાબરા) વાળાની શોધખોળ આદરી છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## પોલીસ અધિક્ષક હિમકરસિંહે

# ખાંભા પોલીસ સ્ટેશનનાં કર્મચારીઓનું કર્યુ સન્માન

**શ્રેષ્ઠ કામગીરી બદલ કર્યુ સન્માન**



તસ્વીર : ભાવીક કલસળીયા–ખાંભા

ખાંભા, તા. ૨૯

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહનાઓ દ્વારા જાન્યુઆરી–૨૦૨૪ ના માસ દરમ્યાન પોલીસ વિભાગમાં ગુનાના કામે નાસતા ફરતા આરોપીઓને પકડવાની સારી અને ઉતમ કામગીરી કરવા બદલ એ.એસ.આઈ. ભરતભાઈ મુહાભાઈ વાળા તથા એચ.સી. ધનાભાઈ કડવાભાઈ પરમારને પ્રશંસાપત્ર પાઠવી કામગીરીને બિરદાવવામાં આવી તેમજ ભવિષ્યમાં પણ સારી કામગીરી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપીને ઉત્સાહમાં વધારો કરવામાં આવેલ.

## અચાનક પગ લપસી ગયો

# જાફરાબાદ નજીકના દરિયામાં ડુબી જવાથી માચ્છીમારનું મોત

**દરિયાકાંઠાથી ૧૦ નોટીકલ માઈલ દુરની ઘટના**

અમરેલી, તા. ૨૯

જાફરાબાદ ગામે રહેતા શૈલેષભાઈ વશરામભાઈ સોલંકી નામનાં ૩૨ વર્ષિય યુવક ગત તા.૨૩ ના સાંજના આશરે સાતેક વાગ્યે જાફરાબાદથી દરીયામાં આશરે દશેક નોટીકલ માઈલ દુર દરીયામાં મચ્છીમારી કરવા માટે ગયેલ હતા અને મચ્છી પકડવા માટે દરીયામાં જાળ નાખવાનું કામ કરતા હતા તે દરમ્યાન અચાનક બોટમાં પગ લપસી જતા દરિયાના યુવક પાણીમાં પડી જતાં તેમનું દરિયામાં ડુબી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## મિલ્કતમાં ભાગ માંગવા બાબતે

# હે રામ : ખાંભાના પીપળવા ગામે વૃધ્ધા ઉપર પુત્ર અને પુત્રવધુનો હુમલો

**પુત્રએ ગાળો આપી અને પુત્રવધુએ થપ્પડ મારી**

અમરેલી, તા. ૨૯

ખાંભા તાલુકાના પીપળવા ગામે રહેતા કમળાબેન બચુભાઈ સોલંકી નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધાને ગત તા.૨૫ ના દસેક વાગ્યે સુરત ગામે રહેતા ભરતભાઈ બચુભાઈ સોલંકી તથા કૈલાશબેન ભરતભાઈ બચુભાઈ સોલંકી સુરતથી વૃધ્ધાના ઘરે આવી તમામ મિલકતમાં અમારે ભાગ જોઈએ એવુ કહેતા વૃધ્ધાએ આરોપી પુત્ર તથા પુત્રવધુને કહેલ કે 'તું શાંતિ રાખ અને શાંતીથી વાત કરીએ' તો આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની માતાને જેમ ફાવે તેમ ગાળો આપી તથા પુત્રવધૂએ વૃધ્ધાને બે થપ્પડ મારી અને ધક્કો મારી પછાડી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

# બગસરા ખાતે શુક્રવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે


બગસરા, તા. ૨૯

જેસિઝગૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૮/૩/૨૦૨૪ને શુક્રવારનાં રોજ ગૌ.વા. માધવજીભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠા, ગૌ.વા. સમજુબેન માધવજીભાઈ રાયઠઠ્ઠાનાં સ્મરણાર્થે હા. સુરેશભાઈ માધવજીભાઈ રાયઠઠ્ઠા પરિવારનાં સૌજન્યથી ૫૯૧ મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતાનાં સહયોગથી કરવામાં આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પનાં દિવસે તા. ૮/૩/૨૪ ને શુક્રવારનાં રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.






















### પીએમ સૂર્ય ઘર યોજનાને કેબિનેટની મંજૂરી મળી

# દેશમાં એક કરોડ ઘરોમાં ૩૦૦ યુનિટ મફત વીજળીનો માર્ગ મોકળો થયો

### યોજના હેઠળ સરકાર ૧ કરોડથી વધુ ઘરોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવશે, ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવા માટે સરકારે આ યોજના શરૂ કરી છે

નવી દિલ્હી, તા.૨૯

૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ સૂર્યોદય યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનું નામ પાછળથી બદલીને પીએમ સૂર્ય ઘર યોજના રાખવામાં આવ્યું. આ યોજના હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે. આજે કેન્દ્રીય કેબિનેટે આ યોજનાને મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી પીએમ સૂર્ય ઘર યોજનાને ગુરુવારે મળેલી કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. પીએમ મોદીએ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આ યોજનાની જાહેરાત કરી હતી.

આ યોજનામાં સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડીનો લાભ આપે છે. આ સિવાય આ યોજના હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળી શકશે.

આ યોજનાનું પહેલા નામ પીએમ સૂર્યોદય યોજના હતું. આ યોજનામાં સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડી આપે છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ એક કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફત વીજળી મળશે.

પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ સરકાર ૧ કરોડથી વધુ ઘરોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવશે. ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવવા માટે સરકારે આ યોજના શરૂ કરી છે. આ યોજનામાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સામેલ કરવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ સરકાર સોલાર પેનલ લગાવવા માટે સબસિડીનો લાભ આપે છે. આવી સ્થિતિમાં લોકો પર સોલાર પેનલ લગાવવાના ખર્ચનો બોજ નહીં પડે. તમને જણાવી દઈએ કે સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી સીધી લાભાર્થીઓના ખાતામાં આવશે.

યોજનાની પાત્રતા શું છે

આ યોજનાનો લાભ ફક્ત ભારતીય રહેવાસીઓને જ મળશે.

અરજદારની વાર્ષિક આવક રૂ. ૧ અથવા ૧.૫ લાખથી વધુ ન હોવી જોઈએ.

અરજદાર પાસે તમામ દસ્તાવેજો હોવા આવશ્યક છે.

સરકારી સેવા સાથે જોડાયેલા લોકોને આ યોજનાનો લાભ નહીં મળે.

આ દસ્તાવેજો જરૂરી છે

- આધાર કાર્ડ
- સરનામાનો પુરાવો
- વીજળી બિલ
- આવકનું પ્રમાણપત્ર
- મોબાઈલ નંબર
- બેંક પાસબુક
- પાસપોર્ટ સાઈઝનો ફોટો
- રેશન કાર્ડ

### સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

# સુપ્રીમે તેના ૨૦૧૮ના એશિયન રિસરફેસિંગ ચુકાદાને પલટી નાખ્યો

### કોર્ટે કહ્યું કે ૬ મહિના બાદ ટ્રાયલ કોર્ટ કે પછી હાઈકોર્ટ તરફથી આપવામાં આવેલ સ્ટે આપમેળે સમાપ્ત ન થઇ શકે

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમકોર્ટે એક મોટો ચુકાદો સંભળાવતા તેના ૨૦૧૮ના એશિયન રિસરફેસિંગ ચુકાદાને પલટી નાખ્યો હતો. જેમાં એવી જોગવાઈ હતી કે હાઈકોર્ટ દ્વારા સ્ટેને આગળ ન વધારવામાં આવે તો સિવિલ તથા ગુનાઈત કેસમાં સુનાવણી પર રોક લગાવતા વચગાળાના આદેશ જારી થવાની તારીખથી ૬ મહિના બાદ આપમેળે સમાપ્ત થઈ જાય છે.

સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ અને જસ્ટિસ અભય એસ.ઓકા, જે.પી. પારડીવાલા, પંકજ મિત્તલ તથા મનોજ મિશ્રાની સંયુક્ત બેન્ચે આ ચુકાદાને પલટી નાખ્યો હતો. ટોચની કોર્ટે નવા ચુકાદામાં કહ્યું કે ૬ મહિના બાદ ટ્રાયલ કોર્ટ કે પછી હાઈકોર્ટ તરફથી આપવામાં આવેલ સ્ટે આપમેળે સમાપ્ત ન થઈ શકે. ચુકાદો સંભળાવનારા જસ્ટિસ ઓકાએ કહ્યું કે બેન્ચ એશિયન રિસરફેસિંગ મામલે આપવામાં આવેલા નિર્દેશો સાથે સહમત નથી. બંધારણીય કોર્ટ આવા કેસનો નિકાલ લાવવા ટાઈમલાઈન નક્કી કરતાં બચે. જોકે સુપ્રીમકોર્ટે એમ પણ કહ્યું કે અપવાદવાળી સ્થિતિમાં આવું કરી શકાય છે.

ઉલ્લેખનીય છે કે જૂના ચુકાદામાં સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે તમામ દિવાની અને ગુનાઈત કેસમાં કાર્યવાહી પર સ્ટેનો આદેશ ૬ મહિનાની સમયમર્યાદા વીતી જવા પર આપમેળે સમાપ્ત થઈ જશે એ પણ ત્યારે જ્યારે તેને આગળ વધારવામાં ન આવ્યું હોય. આ નિર્ણય સુપ્રીમકોર્ટે એશિયન રિસરફેસિંગ ઓફ રોડ એજન્સી પી લિમિટેડના નિર્દેશક વિરુદ્ધ સીબીઆઈના કેસમાં સંભળાવ્યો હતો. જોકે પછીથી સુપ્રીમકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે જો તેના તરફથી સ્ટે આપવામાં આવ્યું હોય તો નિર્ણય લાગુ નથી થતો. સુપ્રીમકોર્ટે આ કેસને ૧૩ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદી, સોલિસીટર જનરલ તુષાર મહેતા અને અન્ય વકીલોની દલીલો સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખી લીધો હતો.

### ભાજપ તેના ઉમેદવારો વહેલા જાહેર કરશે

# ભાજપના ૭૦-૮૦ સાંસદોના પત્તા કપાય એવી સંભાવના

### પાર્ટી એન્ટી ઈન્કમ્બન્સીના ડરથી તેમને ફરી તક આપવાથી ડરી રહી છે, પાર્ટી આ સાંસદોના કામની સમીક્ષા કરે છે

નવી દિલ્હી, તા.૨૯

ભાજપની પ્રથમ ઉમેદવારોની યાદી ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા છે ત્યારે તેમાં કેટલાક મોટા ઉમેદવારોના નામો સિવાય મુશ્કેલ બેઠકો માટેના ઉમેદવારોના નામ પણ જાહેર કરવામાં આવી શકે છે. ચૂંટણીની જાહેરાત પહેલા ઉમેદવારો જાહેર કરવા પાછળ ભાજપની રણનીતિ એ છે કે તેને પ્રચાર માટે સમય મળે. આ દરમિયાન એવી ચર્ચા છે કે ભાજપના ૭૦ થી ૮૦ જેટલા સાંસદો છે જેમની ટિકિટ આ વખતે કપાઈ શકે છે. પાર્ટી આ સાંસદોના કામની સમીક્ષા કરી રહી છે અને તેમની જીતવાની શક્યતાઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. પાર્ટી એન્ટી ઈક્મ્બન્સીના ડરથી તેમને ફરી તક આપવાથી ડરી રહી છે. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ટૂંક સમયમાં યોજાવા જઈ રહી છે, જેમાં પીએમ નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે. આ બેઠકમાં વિચારમંથન બાદ પ્રથમ યાદી જાહેર કરવામાં આવી શકે છે. ભાજપના ટોચના નેતૃત્વએ અત્યાર સુધી યુપી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, ઉત્તરાખંડ, ત્રિપુરા અને અન્ય કેટલાક રાજ્યોના નેતાઓ સાથે બેઠકો કરી છે. આ બેઠકમાં કયા નવા ઉમેદવારોને તક આપવી અને ક્યાં ઉમેદવારોનું પુનરાવર્તન ન કરવું તે અંગે વિચાર-મંથન થયું હતું. ભાજપના સૂત્રોનું કહેવું છે કે રાજ્યોમાંથી દરેક સીટ માટે ત્રણ ઉમેદવારોના નામ મોકલવામાં આવ્યા છે. હવે આ નામો પર કેન્દ્રીય ચૂંટણી સમિતિમાં ચર્ચા થશે અને ત્યારબાદ જ જાહેરાત કરવામાં આવશે. એવું મનાય છે કે લગભગ ૮૦ સાંસદો એવા હશે જેમને ફરીથી ચૂંટણી લડવાની તક નહીં મળે.

આ સાંસદોમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના ઘણા લોકો છે. આ સિવાય કેટલાક એવા પણ છે જેમનું પ્રદર્શન નબળું રહ્યું છે. જેપી નડ્ડા અને અમિત શાહ ભૂતકાળમાં ઘણી બેઠકો કરી ચૂક્યા છે. સૂત્રોનું કહેવું છે કે સાંસદના ઉમેદવારોની યાદીમાં જે નેતાઓના નામ મોકલવામાં આવ્યા છે તેમાં શિવરાજ સિંહ ચૌહાણ, જ્યોતિરાદિત્ય સિંધિયાનો સમાવેશ થાય છે. આ સિવાય રાજસ્થાનના પૂર્વ મંત્રી રાજેન્દ્ર રાઠોડનું નામ છે. એવા અહેવાલ છે કે તાજેતરમાં જ વિધાનસભામાં ઉતારવામાં આવેલા સાંસદોને લોકસભામાં બીજી તક નહીં મળે. તેમની જગ્યાએ નવા ચહેરાઓને તક મળશે.

### રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરનારાને આંચકો

# હિમાચલના સ્પિકરે કોંગ્રેસના છ ધારાસભ્યોનું સભ્યપદ રદ કર્યું

### આ તમામ છ પર લોકતાંત્રિક મૂલ્યોનું ઉલ્લંઘનનો આરોપ

સિમલા, તા.૨૯

તાજેતરમાં રાજયસભાની ચૂંટણીમાં હિમાચલ પ્રદેશમાં ક્રોસ વોટિંગ કરનારા કોંગ્રેસના ૬ ધારાસભ્યોને મોટો ઝટકો લાગ્યો છે.

વિધાનસભાના સ્પીકર તમામ ૬ ધારાસભ્યોનું સભ્યપદ રદ કરી દીધું છે. તેમના પર પાર્ટીના વ્હિપનું ઉલ્લંઘન કરવાનો આરોપ હતો. વિધાનસભાના સ્પીકર કુલદીપ પઠાનિયાએ આ માહિતી આપી હતી.

કોંગ્રેસના ૬ બળવાખોર ધારાસભ્યો અને રાજયસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરનારાઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમના પર સ્પીકરે લોકતાંત્રિક મૂલ્યોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે તમામ પક્ષોને સાંભળ્યા બાદ મેં આ નિર્ણય લીધો હતો. આ જનાદેશનું અપમાન હતું. અયોગ્ય જાહેર થયેલા ધારાસભ્યોમાં રાજેન્દ્ર રાણા, ઈન્દર દત્ત લખનપાલ, દેવેન્દ્ર સિંહ ભુટ્ટો, સુધીર શર્મા, ચૈતન્ય શર્મા અને રવિ ઠાકુરનો સમાવેશ થાય છે.

હિમાચલ પ્રદેશમાં બળવાખોર ધારાસભ્યોની સભ્ય પદ રદ થયા બાદ હવે મોટો પ્રશ્ન એ છે કે શું આનાથી મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુનું સંકટ ઘટશે? હવે ૬૮ સભ્યોની વિધાનસભામાં બહુમતીનો આંકડો બદલાઈ ગયો છે. હવે છ ધારાસભ્યોના સભ્યપદ રદ થયા બાદ ગૃહમાં ૬૨ સભ્યો રહ્યા છે. અને સરકારને બહુમત માટે ૩૨ ધારાસભ્યોની જરૂર છે, જ્યારે કોંગ્રેસ પાસે હવે ૩૪ ધારાસભ્યો બાકી છે.

ભાજપ પાસે ૨૫ ધારાસભ્યો છે અને તેને ત્રણ અપક્ષ ધારાસભ્યોનું સમર્થન પણ મળ્યું છે. કોંગ્રેસ પાસે હજુ સંખ્યાબળની તાકાત છે એવું લાગી રહ્યું છે, પરંતુ કોંગ્રેસની માટે મુશ્કેલી પાર્ટીમાં જૂથવાદ છે. વિરોધ પક્ષના સૌથી મોટા નેતા વિક્રમાદિત્ય ખુલ્લેઆમ સામે આવ્યા બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે પાર્ટીમાં એવા ઘણા ધારાસભ્યો છે જેઓ વીરભદ્ર સિંહ પરિવાર સાથે છે, ભલે તેમણે રાજ્યમાં ક્રોસ વોટિંગ ન કર્યું હોય.

### સાતમી માર્ચથી ધર્મશાલામાં ઈંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટ

# છેલ્લી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં રાહુલ અને બુમરાહની વાપસી

### વોશિંગ્ટન સુંદરને તમિલનાડુ માટે રણજી ટ્રોફીની સેમિફાઇનલ રમવા માટે રિલીઝ કરવામાં આવ્યો

ધર્મશાલા, તા.૨૯

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ ૭ માર્ચથી ધર્મશાલામાં રમાશે. પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ધર્મશાલામાં રમાનાર પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઈજાના કારણે પ્રથમ ટેસ્ટ બાદ ન રમનાર કે.એલ રાહુલ છેલ્લી ટેસ્ટમાં પણ રમી શકશે નહીં. વર્કલોડ મેનેજમેન્ટના કારણે રાંચી ટેસ્ટમાં ન રમનાર જસપ્રીત બુમરાહની ટીમમાં વાપસી થઈ છે. વોશિંગ્ટન સુંદરને તમિલનાડુ માટે રણજી ટ્રોફીની સેમિફાઈનલ રમવા માટે રિલીઝ કરવામાં આવ્યો છે, જયારે દેવદત્ત પડિક્કાલની ટીમમાં એન્ટ્રી થઈ છે.

વોશિંગ્ટન સુંદરને ટીમમાંથી રિલીઝ કરવામાં આવ્યો છે. તે તેની રણજી ટ્રોફી ટીમ તમિલનાડુનો ભાગ હશે જે ૨ માર્ચથી શરૂ થનારી મુંબઈ સામેની રણજી ટ્રોફી સેમિફાઈનલ રમશે. જો જરૂર પડશે તો તે ડોમેસ્ટિક મેચો પૂર્ણ થયા બાદ પાંચમી ટેસ્ટ માટે ભારતીય ટીમ સાથે જોડાશે. બીસીસીઆઈએ કહ્યું છે કે, “મોહમ્મદ શમીની જમણી એડીની સર્જરી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક કરવામાં આવી હતી. તે સ્વસ્થ થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં રિહેબ માટે બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી જશે.

પાંચમી ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ

રોહિત શર્મા (સુકાની), જસપ્રીત બુમરાહ (વા.કે), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, રજત પાટીદાર, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (વિકી), કે.એસ ભરત (વિકી), દેવદત્ત પડિક્કલ, રવિચંદ્રન અશ્વિન, અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, આકાશદીપ.

### શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો

# સેન્સેક્સ-નિફ્ટીમાં મજબૂતી, અદાણીના ૭ શેર લીલા નિશાને

### તેજીવાળા શેરોમાં અદાણી એન્ટરપ્રાઈઝ, ટાટા કન્ઝ્યુમર, ઈન્ડસઈન્ડ બેંક, અદાણી પોર્ટ્સનો સમાવેશ થાય છે

મુંબઈ, તા.૨૯

શેરબજાર ગુરુવારે ૧૯૫ પોઈન્ટના વધારા સાથે સમાપ્ત થયું. બીએસઈસેન્સેક્સ ૭૨ ૫૦૦ ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે જ્યારે નિફ્ટી ૩૨ પોઈન્ટ વધીને ૨૧૯૮૩ ના સ્તર પર બંધ થયો છે. ગુરુવારે શેરબજારની કામગીરીમાં ઘણો ઉતાર-ચઢાવ નોંધાયો હતો. કારોબારના અંતે શેરબજાર મજબૂતી પર બંધ થવામાં સફળ રહ્યું હતું. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડાયસિસની સાથે નિફ્ટી ઓટો, નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસે પણ વધારો નોંધાવ્યો હતો.ભારતમાં સામાન્ય ચૂંટણીઓ દલાલ સ્ટ્રીટના રોકાણકારો માટે ખૂબ મહત્વ ધરાવે છે કારણ કે અંતિમ પરિણામો પહેલાં પ્રારંભિક વલણો, અભિપ્રાય પોલ અને એક્ઝિટ પોલ સૂચવે છે કે કયો પક્ષ આ રમત જીતી શકે છે. સામાન્ય ચૂંટણી પહેલા બજારમાં કોઈ મોટા કરેક્શનની અપેક્ષા નથી.

શેરબજારમાં તેજીવાળા શેરોમાં અદાણી એન્ટરપ્રાઈઝ, ટાટા કન્ઝ્યુમર, ઈન્ડસઈન્ડ બેંક, અદાણી પોર્ટ્સ, બ્રિટાનિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને પાવર ગ્રીડનો સમાવેશ થાય છે, જ્યારે નબળા શેરોમાં એપોલો હોસ્પિટલ, બજાજ ઓટો, આઈશર મોટર્સ, એલટીઆઈ માઈન્ડટ્રી, યુપીએલના શેરનો સમાવેશ થાય છે., ડીવીસ લેબઅને એચયુએલનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શેરબજારમાં તેજીના સમયગાળા દરમિયાન ગૌતમ અદાણી ગ્રૂપની લિસ્ટેડ ૧૦માંથી સાત કંપનીઓના શેર લીલા નિશાનમાં બંધ થયા હતા જ્યારે ત્રણમાં નબળાઈ નોંધાઈ હતી. અદાણી એનર્જી સોલ્યુશન્સનો શેર ૦.૬૫ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો જ્યારે અંબુજા સિમેન્ટના શેરમાં ૩.૩ ટકાનો વધારો નોંધાયો હતો. શેરબજારમાં દિવસભરના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો. છેવટે, નિફ્ટીએ ૨૨૦૦૦ પોઈન્ટનું સ્તર જાળવી રાખ્યું છે જ્યારે નિફ્ટી ૭૨૫૦૦ની ઉપર બંધ કરવામાં સફળ રહ્યો છે. જો આપણે શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર વળતર આપતી કંપનીઓ વિશે વાત કરીએ, તો તેમાં પટેલ એન્જિનિયરિંગ, ટાટા ટેકનોલોજી, પેટીએમ, પંજાબ એન્ડ સિંધ બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ, એશિયન પેઈન્ટ્સ લિમિટેડ, એનએમડીસી લિમિટેડ, નેસ્લે ઈન્ડિયાનો સમાવેશ થાય છે. લિ., આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા, જિયો ફાઈનાન્શિયલ, એકસાઈડ ઈન્ડસ્ટ્રીઝ, બ્રાન્ડ કન્સેપ્ટ, ટાટા સ્ટીલ, ઓમ ઈન્ફ્રા, એચડીએફસીલાઈફ, લાર્સન એન્ડ ટુબ્રો અને સ્ટોપ ક્રાફટ. મલ્ટિબેગર રિટર્ન આપતા શેરોમાં નબળાઈની વાત કરીએ તો તેમાં ગ્લોબસ સ્પિરિટ, એક્સિસ બેંક, ઓએનજીસી, એચડીએફસી બેંક, દેવયાની ઈન્ટરનેશનલ, ટાટા મોટર્સ, હિન્દુસ્તાન ઝિંક, યુપીએલ લિમિટેડ, કામધેનુ અને ઊર્જા ગ્લોબલના શેરનો સમાવેશ થાય છે.

### થાઈલેન્ડના રાજદૂતની ટિપ્પણીથી ભારત ભારે ગુસ્સે થયું

# ભારતે થાઈલેન્ડનો બહિષ્કાર કર્યો, ડબલ્યુટીઓમાં ચર્ચાનો ઈનકાર

### ભારત નિકાસ બજાર પર પ્રભુત્વ મેળવવા સબસિડીવાળા ચોખાનો ઉપયોગ કરી રહ્યો હોવાનો થાઈલેન્ડનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૯

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુટીઓ)માં થાઈલેન્ડના રાજદૂત પિમચાનોક વોક્રોર્પોન પીટફિલ્ડની ટિપ્પણીથી ભારત ભારે ગુસ્સે થયું હતું. જેના પછી આ મંચ પર જ ભારતે થાઈલેન્ડનો બહિષ્કાર કરી દીધો અને ડબલ્યુટીઓમાં તેની સાથે કોઈપણ પ્રકારની ચર્ચા કરવાનો ઈક્રાર કર્યો. ખરેખર થાઈ રાજદૂતે આરોપ લગાવ્યો હતો કે ભારત નિકાસ બજાર પર પ્રભુત્વ મેળવવા માટે જાહેર વિતરણ વ્યવસ્થા માટે ખરીદેલા ’સબસિડીવાળા’ ચોખાનો ઉપયોગ કરી રહ્યો છે. તેમની આ ટિપ્પણીથી કૂટનીતિક વિવાદ સર્જાયો હતો. ભારતે તેનો સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને ભારતીય મંત્રણાકારોએ જ્યાં થાઈલેન્ડના પ્રતિનિધિ હાજર હતા એ જૂથોની ચર્ચામાં ભાગ લેવાનો ઈક્રાર કરી દીધો હતો.

થાઈલેન્ડના રાજદૂતે મંગળવારે એક સલાહ સૂચન માટે આયોજિત બેઠકમાં આ ટિપ્પણી કરી હતી, જેનું સમૃદ્ધ દેશોના કેટલાક પ્રતિનિધિઓએ સ્વાગત કર્યું હતું. તેનાથી અહીં ભારતીય પ્રતિનિધિમંડળ નારાજ થઈ ગયું. એવું માનવામાં આવે છે કે થાઈલેન્ડ હવે અમેરિકા, યુરોપિયન યુનિયન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના અન્ય દેશો સાથે ઊભું છે. આ દેશોએ એક દાયકા કરતાં વધુ સમયથી જાહેર સ્ટોક હોલ્ડિંગના કાયમી ઉકેલને બ્લોક કરી રાખ્યો છે. જ્યારે ભારત તેના ઉકેલ માટે સૌથી વધુ અવાજ ઉઠાવી રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતે થાઈ સરકાર સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો હતો, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ યુએસટીઆર કેથરીન તાઈ અને ઈયુ કાર્યકારી ઉપાધ્યક્ષ વાલ્ડિસ ડોમ્બ્રોવસ્કી સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો. ભારતના મજબૂત વલણે સ્પષ્ટ કર્યું છે કે તે આ પ્રકારની ભાષા અને વર્તનને સ્વીકારશે નહીં. સરકારી અધિકારીઓએ જણાવ્યું કે થાઈ રાજદૂતે જે પણ કહ્યું તે હકીકતમાં ખોટું હતું. તેમણે કહ્યું કે સરકાર ખાદ્ય સુરક્ષાની જવાબદારીઓ પૂરી કરવા માટે માત્ર ૪૦% ઉત્પાદન ખરીદે છે. ખેડૂતોની બાકીની પેદાશનો એક ભાગ ભારતમાંથી બજાર ભાવે નિકાસ કરવામાં આવે છે. તે સરકારી એજન્સીઓ દ્વારા ખરીદવામાં આવતું નથી.તાજેતરના વર્ષોમાં વૈશ્વિક બજારમાં ભારતીય ચોખાનો હિસ્સો વધ્યો છે. પરંતુ ભારત દ્વારા તાજેતરના નિકાસ પ્રતિબંધોએ પશ્ચિમી દેશોને નારાજ કર્યા છે. વિકસિત દેશો એવું ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભારત આંતરરાષ્ટ્રીય બજારમાં સબસિડીવાળા ચોખા વેચીને વૈશ્વિક વેપારને ખોરવી રહ્યું છે, જે સાચું નથી.

તેનાથી વિપરીત અધિકારીઓએ ધ્યાન દોર્યું હતું કે નિયમો એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા હતા કે વેપારની શરતો સમૃદ્ધ દેશોની તરફેણ કરતી હતી. તેમણે કહ્યું કે સબસિડીની ગણતરી માટે કિંમત ૧૯૮૬-૮૮ના સ્તરે નક્કી કરવામાં આવી હતી. તેનો અર્થ એ છે કે પ્રતિ કિલો રૂ. ૩.૨૦ થી વધુ ઓફર કરવામાં આવતી કોઈપણ કિંમતને સબસિડી તરીકે ગણવામાં આવશે. હાલમાં, તાજેતરના વિવાદનું મુખ્ય કારણ થાઈલેન્ડનો આરોપ છે કે ભારતની ચોખાની નિકાસ પર ભારે સબસિડી આપવામાં આવે છે, જેના કારણે તેને આંતરરાષ્ટ્રીય બજારમાં અયોગ્ય લાભ મળે છે.

### રાજસ્થાનમાં પંચાયતની ચૂંટણી માટે બે બાળકોની નીતિ હતી

# રાજસ્થાનમાં બેથી વધુ બાળકો વાળાને સરકારી નોકરી નહીં મળે

### આ નીતિને લઈને સુપ્રીમ કોર્ટમાંથી પણ પરવાનગી મળી ગઈ, પૂર્વ સૈનિક દ્વારા દાખલ અપીલને ફગાવી દેવાઈ

નવી દિલ્હી, તા.૨૯

રાજસ્થાનમાં અત્યાર સુધી પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારો પર બે બાળકની નીતિ લાગુ પડતી હતી. હવે આ નિયમ સરકારી નોકરીઓ માટે પણ લાગુ કરવામાં આવ્યો છે. એટલે કે જો કોઈને ૨ થી વધુ બાળકો હશે તો તેને સરકારી નોકરી નહીં મળે. આ નીતિને લઈને સુપ્રીમ કોર્ટમાંથી પણ પરવાનગી મળી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે આ નીતિ લગભગ ૨૧ વર્ષ પહેલા પંચાયતની ચૂંટણી માટે ફરજિયાત બનાવવામાં આવી હતી. આવી સ્થિતિમાં, જે લોકો સરકારી નોકરી શોધી રહ્યા છે અને ૨ થી વધુ બાળકો ધરાવે છે તેમના માટે આ એક મોટો આંચકો છે. પૂર્વ સૈનિક રામલાલ જાટ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આ નિર્ણય આપ્યો હતો. રામલાલ જાટ ૨૦૧૭માં નિવૃત્ત થયા હતા અને મે ૨૦૧૮માં તેમણે રાજસ્થાન પોલીસમાં કોન્સ્ટેબલની પોસ્ટ માટે અરજી કરી. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન પોલીસ સબઓર્ડિનેટ સર્વિસીસ રૂલ્સ ૧૯૮૯ના નિયમ ૨૪ (૪) હેઠળ તેમની અરજી ફગાવી દીધી હતી. આ નિયમ હેઠળ એવી જોગવાઈ છે કે જો ઉમેદવારના ૨ કે તેથી વધુ બાળકો હોય તો તે સરકારી નોકરી માટે લાયક ગણાશે નહીં. રામલાલ જાટને ૨ થી વધુ બાળકો છે. તેણે રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટિસ સૂર્યકાન્ત, દીપાંકર દત્તા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે રામલાલ જાટની અરજીને ફગાવી દેતાં કહ્યું હતું કે પંચાયત ચૂંટણી અંગેની સમાન જોગવાઈને સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૩માં યથાવત રાખી હતી. આ અંતર્ગત એવા લોકોની અરજીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જેમના ૨ થી વધુ બાળકો છે. સુપ્રીમ કોર્ટે રામલાલ જાટની અરજીને ફગાવી દેતા કહ્યું કે આ મામલામાં હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયમાં દખલ કરવાની કોઈ જરૂર નથી. તમને જણાવી દઈએ કે આ નિર્ણયથી તે લોકોને મોટો ફટકો પડ્યો છે જેઓ રાજ્યમાં સરકારી નોકરી શોધી રહ્યા છે અને જેમના ૨ થી વધુ બાળકો છે.

### મમતા બેનર્જી સરકાર સામે એક નવી મુશ્કેલી

# ૮૩ જાતીઓને ઓબીસીમાં સામેલ કરવા અંગેની ભલામણ એનસીબીસીએ ફગાવી

### મમતા સરકારે જે ૮૩ જાતિઓને ઓબીસી યાદીમાં સામેલ કરવાની ભલામણ કરી છે તેમાંથી ૭૩ મુસ્લિમ

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર સામે એક નવી મુશ્કેલી ઉભી થઈ ગઈ છે. અન્ય પછાત વર્ગો (ઓબીસી)માં અનેક ડઝન જાતિઓનો સમાવેશ કરવાની બંગાળ સરકારની ભલામણ સામે રાષ્ટ્રપતિને ફરિયાદ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ખરેખર તો નેશનલ કમિશન ફોર બેકવર્ડ કલાસીસ (એનસીબીસી) એ ઓબીસીની કેન્દ્રીય યાદીમાં ૮૩ જાતિઓનો સમાવેશ કરવાની રાજ્યની ભલામણ સામે ગંભીર વાંધો વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં આયોગે રાજ્યની યાદીમાં કેટલાક સમુદાયોના સમાવેશ સામે પણ વાંધો ઉઠાવ્યો છે અને આ અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ફરિયાદ કરવાનો નિર્ણય લીધો છે.

અહેવાલ મુજબ મમતા સરકારે જે ૮૩ જાતિઓને કેન્દ્રીય ઓબીસી યાદીમાં સામેલ કરવાની ભલામણ કરી છે તેમાંથી ૭૩ મુસ્લિમ સમુદાયની છે. હવે એનસીબીસીએ આનો સખત વિરોધ કર્યો છે. પછાત વર્ગ આયોગનું કહેવું છે કે રાજ્ય સરકારે આ જાતિઓની સામાજિક અને શૈક્ષણિક પછાત હોવા પર નવો ડેટા રજૂ કર્યો નથી.

એનસીબીસીના અધ્યક્ષ હંસરાજ ગંગારામ આહિરે કહ્યું, આ મામલો છ મહિના કરતાં વધુ સમયથી પેન્ડિંગ છે. અમે મુખ્ય સચિવને ચાર વખત સમન્સ પાઠવ્યા હતા. તેમ છતાં અધિકારીઓ ન તો હાજર થયા છે અને ન તો સરકારે તેની ભલામણને સમર્થન આપવા માટે કોઈ ડેટા આપ્યો છે. છેવટે અમારે આ પ્રસ્તાવને નકારી કાઢવાની ફરજ પડી. તમને જણાવી દઈએ કે હાલમાં પશ્ચિમ બંગાળની ૯૮ જાતિઓ કેન્દ્રીય ઓબીસી યાદીમાં સામેલ છે. રાજ્યએ વધુ ૮૭ જાતિઓનો સમાવેશ કરવાની ભલામણ કરી છે, જેમાં ૮૩ જાતિઓનો નવેસરથી સમાવેશ અને ૪ જાતિના નામમાં સુધારાનો સમાવેશ થાય છે. આ અંગે આહિરે જણાવ્યું હતું કે, "નામાકરણમાં સુધારો સ્વીકારવામાં આવશે. પરંતુ ઓબીસીમાં ૮૩ જાતિઓનો સમાવેશ સ્વીકાર્ય નથી કારણ કે રાજ્ય સરકારે તેને સંબંધિત ડેટા આપ્યો નથી.

### દેશમાં રોગોની સારવાર ખૂબ મોંઘી બની રહી છે

# તાવ, ઈન્ફેક્શન, કોલેસ્ટ્રોલ, સુગર સહિતની ૧૦૦ દવાઓ સસ્તી થશે

## NPPA ઇન્ડિયાએ ૬૯ નવા ફોર્મ્યુલેશનની છૂટક કિંમત અને ૩૧ની ટોચમર્યાદા કિંમત નક્કી કરી છે અને આ અંગે એક સૂચના પણ બહાર પાડવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૯

દેશમાં રોગોની સારવાર અને સારવાર ખૂબ મોંઘી બની રહી છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારે સામાન્ય લોકોને રાહત આપવા માટે નિર્ણય લીધો છે. NPPA એટલે કે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી એ ૬૯ નવા ફોર્મ્યુલેશનની છૂટક કિંમત અને ૩૧ની ટોચમર્યાદા કિંમત નક્કી કરી છે. આ પછી, કોલેસ્ટ્રોલ, સુગર, દુખાવો, તાવ, ચેપ, વધુ પડતું રક્તસ્ત્રાવ, કેલ્શિયમ, વિટામિન ડીઉ, બાળકોની એન્ટિબાયોટિક્સ સહિતની ૧૦૦ દવાઓ સસ્તી થશે અને લોકોનો આરોગ્ય સંભાળ પરનો ખર્ચ ઘટશે. NPPA ઈન્ડિયાએ ૬૯ નવા ફોર્મ્યુલેશનની છૂટક કિંમત અને ૩૧ની ટોચમર્યાદા કિંમત નક્કી કરી છે અને તેના સંબંધમાં એક સૂચના પણ જારી કરવામાં આવી છે. ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલય હેઠળના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના NPPAએ આ સૂચના બહાર પાડી છે. કોલેસ્ટ્રોલ, સુગર (ડાયાબીટીસ), દુખાવો, તાવ, ચેપ, અતિશય રક્તસ્રાવ બંધ કરવા, કેલ્શિયમ, વિટામિન ડીઉ, બાળકોની એન્ટિબાયોટિક્સ સહિતની એન્ટિવેનોમ દવાઓ પણ સસ્તી થશે. એન્ટિવેનોમનો ઉપયોગ સાપના કરડવાની સારવાર માટે થાય છે. NPPAના નવા ઓર્ડરથી ૧૦૦ દવાઓ સસ્તી થવાનો માર્ગ મોકળો થયો છે. બાળ આરોગ્ય સેવાઓ પર સરકારનું ધ્યાન બાળકો માટે સસ્તું એન્ટિબાયોટિક્સની ઉપલબ્ધતા પરથી જોઈ શકાય છે. NPPAની સ્થાપના નિયંત્રિત જથ્થાબંધ દવાઓ અને ફોર્મ્યુલેશનની કિંમતોમાં સુધારો કરવા અને દેશમાં દવાઓની કિંમતો અને ઉપલબ્ધતાને લાગુ કરવા માટે કરવામાં આવી હતી. આ ભારત સરકારનું સંગઠન છે જેની રચના ડ્રગ્સ (પ્રાઈસ કંટ્રોલ) ઓર્ડર હેઠળ કરવામાં આવી હતી. તેના કાર્યો કેન્દ્ર સરકારને દવાની નીતિમાં ફેરફાર અથવા સુધારા કરવા અને નિયમન કરાયેલ દવાઓની કિંમતો પર નજર રાખવાની સલાહ આપવાનું પણ છે. નોંધનીય છે કે દેશમાં કોરોના મહામારી બાદ દવાઓની કિંમતો અને મેડિકલ ખર્ચમાં બમણાથી વધુનો વધારો થયો હતો, જેના કારણે સરકારે ફેબ્રુઆરીની શરૂઆતમાં દવાઓના ભાવ ઘટાડવાનો નિર્ણય લીધો હતો. આવી સ્થિતિમાં, એક મહિનામાં બીજી વખત દવાઓના ભાવમાં થયેલા ઘટાડાથી સામાન્ય માણસને ચોક્કસપણે મોટી રાહત મળી છે. બજેટ બાદ જ સરકારે દર્દીઓ અને તેમના સ્વજનોને મોટી રાહત આપી હતી. ત્યારે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ રાહતના સમાચાર છે. સામાન્ય માણસને મોટી રાહત આપતા કેન્દ્ર સરકારે સુગર, દુખાવા, તાવ, હૃદય, સાંધાના દુખાવા નિવારક તેલ અને ઈન્ફેક્શનની દવાઓ સસ્તી કરી છે. ત્યારબાદ એજન્સીએ ૪ સ્પેશિયલ ફીચર પ્રોડક્ટ્સને પણ મંજૂરી આપી હતી.

### મોદી સરકારે આપી સેમી કન્ડક્ટર પ્રોજેક્ટને મંજૂરી

# ગુજરાતના ધોલેરામાં સ્થપાશે દેશનું પ્રથમ ચિપ ફેબ યુનિટ

## ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફતમાં વિજળી મળશે ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રમાં ભારત મોટી છલાંગ લગાવી રહ્યો છે

અમદાવાદ, તા.૨૯

પીએમની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેને લઈને માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર અને રેલવે મિનિસ્ટર અશ્વિણી વૈષ્ણવે કેબિનેટ બ્રીફિંગ મીટીંગમાં આ અંગેની માહિતી પુરી પાડી હતી.પીએમ મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેને લઈને માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર અને રેલવે મિનિસ્ટર અશ્વિણી વૈષ્ણવે કેબિનેટ બ્રીફિંગ મીટીંગમાં આ અંગેની માહિતી પુરી પાડી હતી.

પીએમ સૂર્યઘર મફત વિજળી યોજનાને આજે મંજૂરી આપવામાં આવી છે. ૧ કરોડ ઘરોને ૩૦૦ યુનિટ મફતમાં વિજળી મળશે. ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રમાં ભારત મોટી છલાંગ લગાવી રહ્યો છે. જેમાં ૪૫ ગીગા વોટ રિન્યૂએબલ એનર્જીનું ઉત્પાદન થશે. આ સાથે સોલર યોજનાને લઈને પણ પીએમ મોદીએ જાહેરાત કરી હતી તેને પણ આજની બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવી છે. આ સાથે રેલવે મિનીસ્ટર અશ્વિણી વૈષ્ણવે પણ સેમી કન્ડકટર ફેબને અપ્રુવલની જાણકારી આપી છે. તેમણે કહ્યું હતુ કે આજની યોજાયેલી બેઠકમાં સેમી કન્ડકટર ફેબને અપ્રુવલ મળી ગયુ છે. ત્યારે આ નિર્ણય આત્મનિર્ભર ભારતના સંકલ્પની સૌથી મોટી સિદ્ધી છે. આ સાથે દેશની પહેલી કોમર્શીયલ ચીપ ટાટા અને તાઈવાનની બનશે જેના કોલોબ્રેશનથી ધોલેરામાં સૌથી પહેલી સેમી કન્ડકટર ફેબ બનાવવામાં આવશે.

### રાજ્યના સરકારી કર્મચારીઓ માટે ખુશીના સમાચાર

# રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો

## આ વધારો ૮ માસની તફાવત રકમ સાથે એટલે કે જુલાઈ ૨૦૨૩થી અત્યાર સુધીનો ૩ હપ્તામાં ચૂકવાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્ય સરકારના આ નિર્ણયથી ૪.૪૫ લાખ કર્મચારી અને ૪.૬૩ લાખ પેન્શનધારકોને લાભ મળશે. NPSમાં કર્મચારી ૧૦ ટકા અને રાજ્ય સરકાર ૧૪ ટકા ફાળો આપશે. તો LTCની ૧૦ રજાની ચુકવણી પણ સાતમા પગારપંચ મુજબ કરવામાં આવશે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરી માહિતી આપી છે.

ગુજરાત સરકારના કર્મચારીઓ માટે વધુ એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો ૮ માસની તફાવત રકમ સાથે એટલે કે જુલાઈ ૨૦૨૩થી અત્યાર સુધીનો ૩ હપ્તામાં ચૂકવાશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી ૪.૪૫ લાખ કર્મચારી અને ૪.૬૩ લાખ પેન્શનધારકોને લાભ મળશે. NPSમાં કર્મચારી ૧૦ ટકા અને રાજ્ય સરકાર ૧૪ ટકા ફાળો આપશે. તો LTCની ૧૦ રજાની ચુકવણી પણ સાતમા પગારપંચ મુજબ કરવામાં આવશે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરી માહિતી આપી છે.

### ભારત મેલ્ટી-રોલ ફાઈટર એકક્રાફ્ટ પર ફોકસ કરી રહ્યું છે

# અમેરિકાની બોઈંગની નવું એફ-૧૫ ઈએક્સ ફાઈટર જેટ ખરીદવા ભારતને ઓફર

## ઓછી કિંમતમાં વધુ શક્તિશાળી ફાઈટર જેટ મળશે, ભારતીય વાયુસેના તેમાં પોતાના હથિયારો લગાવી શકે છે

નવી દિલ્હી, તા.૨૯

ભારત હાલમાં મેલ્ટી-રોલ ફાઈટર એકક્રાફ્ટ પર ફોકસ કરી રહ્યું છે. રાફેલ અને યુરોફાઈટર ટાયફૂન પહેલાથી જ સ્પર્ધામાં છે. આ દરમિયાન અમેરિકન કંપની બોઈંગે ભારતને પોતાની ઓફર આપી છે. બોઈંગે કહ્યું કે, અમારી પાસેથી નવું એફ-૧૫ઈએક્સ ફાઈટર જેટ ખરીદી લો. ઓછી કિંમતમાં વધુ શક્તિશાળી ફાઈટર જેટ મળશે. આ સાથે જ ભારતીય વાયુસેના તેમાં પોતાના હથિયારો લગાવી શકે છે. બોઈંગે એમ પણ કહ્યું કે, ફાઈટર જેટમાં ભારતની ભૌગોલિક પરિસ્થિતિઓ અને જરૂરિયાતો પ્રમાણે ફેરફાર પણ કરી શકાશે. અમે ભારતની જરૂરિયાત પ્રમાણે ફાઈટર જેટમાં ફેરફાર કરી દઈશું. આ ફેરફાર એવિયોનિક્સ, સેંસર્સ અથવા કમ્યુનિકેશન સિસ્ટમમાં કરી શકાય છે. આ સાથે જ હથિયાર લગાવનારા હાર્ડપોઈન્ટ્સમાં પણ ભારતીય હથિયારો પ્રમાણે ફેરફાર કરી શકાશે અથવા તો નવું કરી શકાશે. આ ઓફર ભારત સરકાર માટે ખૂબ જ આકર્ષક છે. તાજેતરમાં જ બોઈંગ કંપનીએ પોતાના ફાઈટર જેટની સ્પીડ વધારી છે. અગાઉ તે મહત્તમ ૩૦૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે જ ઉડાન ભરી શકતું હતું. પરંતુ હવે તેની ઝડપ વધીને ૩૭૦૪ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે. આ જેટને એક અથવા બે પાયલોટ સાથે મળીને ઉડાવે છે. તે કદમાં ખૂબ જ મોટું છે. ૬૩.૯ ફૂટ લાંબા જેટની વિંગસ્પેન ૪૨.૯ ફૂટ છે. ૧૮.૬ ફૂટ ઊંચા આ એરક્રાફટનું ખાલી વજન લગભગ ૧૫,૬૯૪ કિલો છે.

મહત્તમ ટેકઓફ વજન એટલે કે હથિયારોથી સજ્જ થઈને ટેકઓફ કરતી વખતે તેનો વજન લગભગ ૩૬,૭૪૧ કિગ્રા હોય છે. તેમાં બે જનરલ ઈલેક્ટ્રિક એન્જિન લાગેલા છે જે તેને ૧૩૧ કિલોન્યુટનની શક્તિ આપે છે. એફ-૧૫ઈએક્સની કોમ્બેટ રેન્જ ૧૨૭૨ કિલોમીટર છે. જો ફેરી રેન્જની વાત કરીએ તો તે ત્રણ એક્સટર્નલ ફ્યુઅલ ટેંક સાથે ૩૯૦૦ કિલોમીટર સુધી ઉડાન ભરી શકે છે. તે મહત્તમ ૬૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી જઈ શકે છે. તે ૫૦ હજાર ફૂટ પ્રતિ મિનિટની ઝડપે સીધી ઉડાન ભરી શકે છે. તેમાં હાલમાં ૨૦એમએમની એક કેનન લગાવવામાં આવી છે જે પ્રતિ મિનિટ ૫૦૦ ગોળીઓ છોડે છે. આ ઉપરાંત તેમાં ૨૩ હાર્ડપોઈન્ટ છે. એનો અર્થ એ કે, હથિયારોનો પૂરો જથ્થો લગાવી શકાય છે.

આ હાર્ડપોઈન્ટ વિંગ્સ પાઈલોનની નીચે, ફ્યુઝલેઝ પાઈલોન અને બોમ્બ રેક્સની નીચે રહે છે. આ જેટમાં તમે ૧૨ મિસાઈલ લગાવી શકો છો. એટલે કે ત્રણ પ્રકારની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો. આ ઉપરાંત તે હવામાંથી જમીન પર માર કરનારી ત્રણ મિસાઈલ અને બે પ્રકારના બોમ્બ લગાવવાની સુવિધાઓથી સજ્જ છે. તેમાં રેથિયોનનું એઈએસએ રડાર લાગેલું છે. ટાર્ગેટિંગ પોડ્સ છે. કાઉન્ટરમેઝર સિસ્ટમ્સ લગાવવામાં આવેલી છે. જો રાફેલ સાથે સરખામણી કરવામાં આવે તો એફ-૧૫ઈએક્સ ફાઈટર જેટ કદમાં મોટું છે. તે ભારતીય વાયુસેનાના સુ-૩૦એમકેઆઈ જેટલો જ પાવર, રેન્જ અને સ્પીડની ક્ષમતા ધરાવે છે. સુ-૩૦એમકેઆઈમાં હાલમાં ૨૨ પ્રકારના હથિયારો લગાવવાની ક્ષમતા છે. જેમાં હાઈપરસોનિક હથિયારો પણ સામેલ છે.

### એક્સ યુઝર્સને ઈલોન મસ્કની મોટી ભેટ

# એક્સ પર કોલ કરવા માટે યુઝર્સે ફોન નંબર એન્ટર નહીં કરવો પડે

## એક્સના પ્રીમિયમ સબસ્ક્રિપ્શનની પણ જરૂર નથી

વોશિંગ્ટન, તા.૨૯

ઈલોન મસ્કે એક્સ (એક્સ) યુઝર્સને મોટી ભેટ આપી છે. હવે યુઝર્સ એક્સ પર વોઈસ અને વીડિયો કોલ કરી શકશે. ખાસ વાત એ છે કે એક્સ પર કોલ કરવા માટે યુઝર્સે ફોન નંબર એન્ટર કરવાનો રહેશે નહીં. આ સેવાનો લાભ લેવા માટે એક્સના પ્રીમિયમ સબસ્ક્રિપ્શનની પણ જરૂર નથી. શરૂઆતમાં આ સુવિધા ફક્ત પ્રીમિયમ યુઝર્સ માટે જ ઉપલબ્ધ હતી. હવે તે તમામ યુઝર્સ માટે રોલઆઉટ કરવામાં આવી રહી છે. એક્સનું આ ફીચર વોટ્સએપને ટક્કર આપવા જઈ રહ્યું છે.

એક્સ (એક્સ)ના એન્જિનિયર એનરિક બેરેગને સોશિયલ મીડિયા પર આ સુવિધા વિશે માહિતી આપતા લખ્યું, "કંપની નોન-પ્રીમિયમ યુઝર્સ માટે ધીમે ધીમે ઓડિયો અને વીડિયો કોલિંગ ફીચર્સ લાવી રહી છે. નવા અપડેટના આગમન સાથે યુઝર્સ હવે તેવા એકાઉન્ટ્સથી કોલ્સ રિસીવ કરી શકે છે, જેને તે ફોલો કરે છે અથવા તે કોન્ટેક્ટ તેમની એક્સ એડ્રેસ બુક છે.

બંને એકાઉન્ટ હોલ્ડરે એકબીજા સાથે ક્યારેક વાતચીત કરી હોય તે કોલિંગ માટે જરૂરી છે. જો બંને યુઝર્સ વચ્ચે એક પણ ડીએમ શેર થયો છે તો તે એકબીજા સાથે કોલિંગ કરી શકે છે. આમાં યુઝર્સને ફોલો કરવામાં આવેલા અને પ્લેટફોર્મ પર હાજર કોઈપણ યુઝર્સ દ્વારા કોલ્સ પ્રાપ્ત કરવાનો વિકલ્પ મળશે.

આ રીતે એક્સ (એક્સ) પર શકો છો કોલ

૧. સૌ પ્રથમ તમારા એન્ડ્રોઈડ અથવા આઈઓએસ સ્માર્ટફોન પર એક્સ (એક્સ) એપ્લિકેશન ખોલો અને ડ્ઢસ્માં જાઓ.

૨. વાત શરૂ કરવા માટે ફોન આઈકોન પર ક્લિક કરો અને ઓડિયો અથવા વીડિયો કોલ પસંદ કરો. આ કર્યા પછી, રિસીવરને એક નોટિફિકેશન મળશે કે તમે તેમને કોલ કરવા માંગો છો.

૩. તમે ટોપ રાઈટ કોર્નરમાં આપેલા સેટિંગ્સમાં જઈને તમને કોણ કોલ કરી શકે તે પણ સેટ કરી શકો છો.

### રોયલ ભોજન સાથે પ્રાદેશિક વાનગીઓની થીમ રહેશે

# સાબરમતી રિવરફ્રન્ટ પર ફૂડ ફેસ્ટિવલ યોજાશે

## આગામી ૮ થી ૧૦મી માર્ચ સુધી સાબરમતી રિવરફ્રન્ટ સેન્ટર ખાતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે

અમદાવાદ, તા.૨૯

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ, પુસ્તક મેળો, ફ્લાવર શો બાદ હવે ફૂડ ફેસ્ટિવલનુ પણ આયોજન અમદાવાદ મનપા દ્વારા કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત 'ફૂડ ફોર થૉટ ફેસ્ટ' ઉજવવામાં આવશે. સંપૂર્ણ શાકાહારી અવતારમાં ૮ થી ૧૦ માર્ચ સુધી ત્રણ દિવસીય ફૂડ ફેસ્ટિવલ સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાશે.

સ્વાદપ્રિય અમદાવાદીઓ માટે પ્રથમવાર મહાનગરપાલિકા દ્વારા ત્રણ દિવસીય ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૮ થી ૧૦મી માર્ચ સુધી સાબરમતી રિવરફ્રન્ટ સેન્ટર ખાતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે .જેમાં 'લક્ઝરી સ્વાદ' અને 'પ્રાદેશિક સ્વાદ' એમ બે થીમ પર ફૂડકોર્ટ હશે. કોફી લવર્સ માટે અલગ કોફી કોર્ટ પણ બનાવવામાં આવશે. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ, પુસ્તક મેળો, ફ્લાવર શો બાદ હવે ફૂડ ફેસ્ટિવલનુ પણ આયોજન અમદાવાદ મનપા દ્વારા કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત 'ફૂડ ફોર થૉટ ફેસ્ટ' ઉજવવામાં આવશે. સંપૂર્ણ શાકાહારી સ્વરુપમાં ૮ થી ૧૦ માર્ચ સુધી ત્રણ દિવસીય ફૂડ ફેસ્ટિવલ સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાશે.

બે લાખ ચોરસ ફૂટમાં યોજાનાર ફેસ્ટિવલમાં વાર્તાલાપ, કુકીંગ સ્કીલ અને વિચારોના આદાનપ્રદાન અને દક્ષિણ એશિયાના વિવિધ કુકીંગ વારસાની ઉજવણી થશે. જેમાં કેટલીક મોટી હસ્તીઓ અને નિષ્ણાતો, માસ્ટર શેફ સાથેની વાનગીઓની શોધ સાથે સમગ્ર પરિવાર માટે અનુભવો દર્શાવતા ઈન્ફોટેનમેન્ટથી ભરપૂર રહેશે. ફૂડ ફેસ્ટિવલમાં જાણીતા શેફ અને નિષ્ણાતો લાઈવ ડેમો અને આહાર અંગે સમજણ આપતા કાર્યક્રમો પણ યોજાશે. જેમાં લંડનની નેટફિલેક્સ સ્ટાર શેફ અસ્મા ખાન, બાંગ્લાદેશ ટીવી સ્ટાર શેફ નાહિદ ઉસ્માન, આંતરરાષ્ટ્રીય સ્તરે વખાણાયેલી લેખક અને ખાદ્ય વિવેચક રશ્મિ ઉદય સિંહ, લિજેન્ડરી શેફ મનજીત ગિલ, શેફ સુવીર સરન, સેલિબ્રિટી શેફ અનાહિતા ઘોડી, નેપાળના રોહિણી રાણા. પદ્મશ્રી ડૉ. પુષ્પેશ પંત, સુપર મોડલ લક્ષ્મી રાણા, ફેશન ડિઝાઈનર નિખિલ મેહરા, પત્રકાર પૂજા તલવાર, નવાબ કાઝિમ અલી ખાન રામપુર, મહારાણી રાધિકા રાજે ગાયકવાડ બરોડાના કેટલાક નામ પણ સામેલ છે.

દક્ષિણ એશિયાના દેશોના પ્રાદેશિક ભોજન અને લકઝરી ભોજન માટેની બે અલગ અલગ થીમ નક્કી કરવામાં આવી છે. તો મુલાકાતીને જીવંત કોફી પ્લાન્ટ, લણણી કરેલ લીલી કોફી બીન્સ, શેકવાની પ્રક્રિયા, અરેબિકા અને રોબસ્ટાની જાતો વચ્ચેનો તફાવત અને છેલ્લે તાજી ઉકાળેલી કોફીનો સ્વાદ માણવાથી લઈને કોફીની મુસાફરીનો અનુભવ થાય એ માટે કોફી પેવેલિયન પણ હશે. ફૂડ ફેસ્ટિવલમાં ત્રણ અલાગબલાગ પેવેલિયન બનાવવામાં આવશે. જેમાં અલગ અલગ પ્રકારના ભોજન મળશે. જનરલ એન્ટ્રી ફી ૫૦ રૂપિયા જ્યારે સ્પેશિયલ પેવેલીયનની એન્ટ્રી ફી ૧૫૦૦ થી ૩૦૦૦ હશે. જેમાં જમવાનું પણ આવી જશે. ત્રણ પેવેલિયનની વાત કરવામાં આવે તો બાલાસિનોર, ગોંડલ, ઢેંકનાલ, લીંબડી, ગ્વાલિયર જેવા રાજવી પરિવારોના વંશજો દ્વારા પ્રસ્તુત 'કિચન ઓફ ધ કિંગ્સ'ના સહયોગમાં શાહી પરિવારોની વાનગીઓનું પ્રદર્શન હશે.

### પંકજ ઉધાસનું ૨૬ ફેબ્રુઆરીના દિવસે દુઃખદ અવસાન થયું હતું

# લલિત ત્રિવેદીની આંગળી પકડી સંગીતના ક્ષેત્રમાં આવ્યા હતા પંકજ ઉધાસ

## ગઝલ જેવી શાસ્ત્રીય ગણાતી ગાયકીને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં સૌથી મોટું અને મહત્વનું યોગદાન પંકજ ઉધાસનું માનવામાં આવે છે

મુંબઈ, તા.૨૯

પંકજ ઉધાસ સંગીત જગતમાં એક એવુ નામ કે જેને દેશવાસીઓ ક્યારેય નહીં ભૂલી શકે. ગઝલ જેવી શાસ્ત્રીય ગણાતી ગાયકીને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં સૌથી વધુ યોગદાન પંકજ ઉધાસનું છે. હાલમાં તેઓનું મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સોમવારે ૨૬ ફેબ્રુઆરીએ ૮૫ વર્ષની વયે સવારે ૧૧ વાગ્યે મૃત્યુ થયું હતું. તેમના મૃત્યુના સમાચાર સાંભળી તેમના ચાહકો અને દેશવાસીઓમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. ત્યારે તેમના નાનપણના સંગીત ગુરુ લલિત ત્રિવેદીએ તેમને યાદ કરતા પંકજ ઉધાસ અને તેમના બંને ભાઈઓ સાથે વિતાવેલા સમયને યાદ કરી સંસ્મરણોને વાગોળ્યા હતા. ગઝલ જેવી શાસ્ત્રીય ગણાતી ગાયકીને સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં સૌથી મોટું અને મહત્વનું યોગદાન પંકજ ઉધાસનું માનવામાં આવે છે.

પંકજ ઉધાસ પોતાની ગાયકીથી લોકોને મંત્રમુગ્ધ કરી દેતા હતા. ગાયકીની દુનિયામાં તેઓ પગ મુકતા ગઝલ દેશ દુનિયામાં રહેતા લોકોના ઘરે ઘરે પહોંચી હતી. પરંતુ તેમની આ સફળતા પાછળ અને સંગીતની દુનિયામાં પંકજ ઉધાસેને પાપાપગલી જો કોઈએ પાળતા શીખવાડ્યું હોય તો તે રાજકોટના લલિત ત્રિવેદી છે. પંકજ ઉધાસના સંગીત ગુરુ કહી શકાય તેવા લલિત ત્રિવેદી પાસે પંકજ સંગીત શીખવા આવતા હતા. રાજકોટમાં રહેતા અને સંગીતના પાઠ શિખવનાર લલિત ત્રિવેદીની ઉંમર ૮૫ વર્ષની છે.તેઓ પંકજ ઉધાસના ગુરુ છે. ગુરુ લલિત ત્રિવેદીએ જુના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, પંકજ ઉધાસ અને તેના બંને ભાઈઓ નાના હતા ત્યારથી તેઓ સંગીતના પાઠ શીખવા માટે આવતા હતા. પંકજ વિરાણી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. ત્રણેય ભાઈઓ સવારે ૯ વાગ્યાથી આવી જતા હતા. અને જો એક દિવસ પણ આ ત્રણેય ભાઈઓ ન આવે તો લલિત ત્રિવેદીને ઘર સુનુ સુનુ લાગતું હતું. પંકજ ઉધાસ વિશે વાત કરતા તેમણે કહ્યું કે, તેઓ નાના હતા ત્યારથી જ ખૂબ જ શરમાળ પ્રકૃતિના હતા. તેમના માતા મને કહેતા કે, પંકજ એક કાચના વાસણ જેવા છે. જેથી તેને ઉંચા અવાજે કઈ કહેતા નહીં. છતાં પણ ઘણી વખત સંગીતમાં નબળું પર્ફોર્મન્સ આપે તો હું તેને હળવી ટાપલી મારી દેતો હતો. તે દિવસે પણ પંકજ ઘરે જઈને રડતા હતા.

ચારણ ગઢવી સમાજના આ ત્રણેય ભાઈઓએ પહેલેથી જ નક્કી કરી લીધું હતું કે, તે તેમનું ભવિષ્ય આગળ જઈને સંગીતની દુનિયામાં જ બનાવશે અને આજે તેઓ સંગીતની દુનિયાના બાદશાહ છે. લલિતભાઈ આ ત્રણેય ભાઈઓને રાજકોટના કેટલાક પ્રોગ્રામમાં ગાવાનો મોકો પણ આપ્યો હતો.

૧૯૬૨ માં લલિતભાઈનું એક યંગસ્ટરનું ગ્રુપ હતું. કે જેમાં છુટાછવાયા કલાકારોને ભેગા કરવામાં આવ્યા હતા અને એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. જયારે પણ રાજકોટમાં પ્રોગ્રામ યોજવામાં આવતા હતા ત્યારે લલિતાભાઈ, પંકજ ઉધાસ, મનહર ઉધાસ અને નિર્મલ ઉધાસને સાથે જ રાખતા હતા. તાલ-શૂરની તાલીમ લલિતભાઈએ ત્રણેય ભાઈઓને પાયાથી જ આપી હતી. આજે સંગીતની દુનિયામાં તેઓએ ખુબ ટોચ પર સ્થાન મેળવ્યું છે. આમ પંકજ ઉધાસનો રાજકોટ સાથેનો નાતો ખુબ જ જુનો છે. ત્રણેય ભાઈઓમાં પંકજ સૌથી નાના હતા. આમ રાજકોટથી જ સંગીતની દુનિયામાં તેને પાપાપગલી ભરી હતી.

### આંબામાં ભુકોછારી અને મધીયો રોગ આવવાની શક્યતા

# વાતાવરણમાં પલટો આવતા કેરીનાં પાકમાં રોગની શક્યતા

## સૌરાષ્ટ્રનાં અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, સુરતમાં કેરીનું ઉત્પાદન થઇ રહ્યું છે

જૂનાગઢ, તા.૨૯

ગુજરાતનાં કેટલાક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ અનેક વિસ્તારમાં વાદળછાયુ વાતાવરણ છે. તેમજ બપોરના સમયે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. તેમજ અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ તથા દક્ષિણ ગુજરતમાં કેરીનું ઉત્પાદન થઈ રહ્યું છે. વિષમ વાતાવરણનાં કારણે કેરીના પાકને અસર થઈ શકે છે. આંબામાં ભુકોછારી અને મધીયો રોગ આવવાની શક્યતા છે. ત્યારે વાદળછાયા વાતાવરણ વચ્ચે કેરીનાં પાકમાં શું કાળજી રાખવી તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પરિવર્તન આવ્યું છે અને વાદળછાયુ વાતાવરણની સાથે બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં આંબાની ખેતી કરતા ખેડૂતોને કેરીના પાકમાં રોગ જીવાત આવવાની શકયતા રહેલી છે. જેના પગલે કેરીના ઉત્પાદનમાં ઘટાડો થવાની પણ શકયતા છે. આ વાદળછાયા વાતાવરણમાં કેરીના પાકમાં ભૂકીછારો અને મધીયો નામનો રોગ આવવાની શકયતા છે. માટે ખેડૂતોને મધીયાના નિયંત્રણ માટે ઈમીડા- ૪મી.લિ. અથવા થાયોમીથોક્સમ ૩ ગ્રામ અથવા બીટા સાયફલુથ્રીન ઈમીડાકલોપ્રીડ ૫ મી.લિ. અથવા બ્યુપ્રોફેનઝીન મી.લિ. દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવું જોઈએ. જયારે ભુકી છારાના નિયંત્રણ માટે હેકમાકોનેઝોલ ૧૦ મી.લિ. અથવા પ્રોપીકોનાઝોલ- ૧૦ મી. લિ.૧૦ લિટર પાણીમાં છંટકાવ કરવો જોઈએ. મોર આવી ગયો હોય અને કળી બેસવાની શરૂઆત થઈ ગઈ હોય તો એક હળવું પિયત દવાના છંટકાવ બાદ તુરંત આપી દેવુ જોઈએ. તેમજ જરૂર જણાય તો બીજો દવાનો છંટકાવ ૧૦ દિવસ બાદ કરી શકાય છે. જે ખેડૂતોને આંબાના પાકમાં કણી બેસી ગઈ હોય અને વટાણા જેવી કેરી થઈ ગઈ હોય તો NAA (નેપ્થેલીક એસીટીક એસિડ) ૪ ગ્રામ પાવડર ૨૦૦ લિટર પાણીમાં અથવા પ્લાનોફિકસ ૯૦ મી.લિ. ૨૦૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવાથી કેરીનું ખરણ અટકાવી શકાય છે.

### યુએનમાં પાકિસ્તાનને ભારતનો જડબાતોડ જવાબ

# પાકિસ્તાનને ભારત અંગે ટિપ્પણીનો કોઈ હક નથી

## પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના મંચનો ખોટો ઉપયોગ કર્યો હોવાનો અનુપમા સિંહનો આક્ષેપ

વોશિંગ્ટન, તા.૨૯

યુએનમાં ભારત પર પ્રશ્ન ઉઠાવી રહેલા પાકિસ્તાનને એકવાર ફરી જડબાતોડ જવાબ મળ્યો છે. ભારતનું કહેવુ છે કે ખરાબ માનવાધિકાર રેકોર્ડ્સ વાળા પાકિસ્તાનને ભારત પર ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી. સાથે જ આરોપ લગાવ્યા છે કે પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના મંચનો ફરીથી ખોટો ઉપયોગ કર્યો છે.

બુધવારે માનવાધિકાર પરિષદના ૫૫માં સત્રમાં ભારત તરફથી પ્રથમ સચિવ અનુપમા સિંહે સ્પષ્ટ કરી દીધુ, જમ્મુ અને કાશ્મીર અને લદાખ ભારતના અભિન્ન અંગ છે. ભારતે કહ્યુ કે વિસ્તારમાં સુશાસન, આર્થિક અને સામાજિક વિકાસ માટે ભારત સરકાર તરફથી કરવામાં આવી રહેલા પ્રયત્ન ભારતનો આંતરિક મામલો છે. ભારતે કહ્યુ આ મામલા પર વાત કરવાનો અધિકાર પાકિસ્તાનને નથી. પાકિસ્તાનમાં માનવાધિકારની સ્થિતિને લઈને અનુપમા સિંહે કહ્યુ, એક દેશ જેણે પોતાના લઘુમતીના પ્રણાલીગત દમનને સંસ્થાગત બનાવી દીધા છે અને તેનો માનવાધિકાર રેકોર્ડ નિરાશાજનક છે.

તેમણે કહ્યુ, એક તાજેતરનું ઉદાહરણ ઓગસ્ટ ૨૦૨૩માં પાકિસ્તાનના જરનવાલા શહેરમાં લઘુમતી ખ્રિસ્તી સમુદાયની સાથે મોટા સ્તરે થયેલી ક્રૂરતાનું છે. ત્યારે ૧૯ ચર્ચોને તોડી દેવામાં આવી હતી અને ૮૯ ખ્રિસ્તી ઘરોને સળગાવી દેવામાં આવ્યા હતા. ત્રીજો એક એવો દેશ, જેંદ્ગજીઝમાં નામાંકિત આતંકીઓને પનાહ દે છે. તે ભારત પર ટિપ્પણી કરી રહ્યુ છે. જેની લોકશાહી છાપ દુનિયા માટે ઉદાહરણ છે. આ દરેક માટે વિરોધાભાસી છે.

તેમણે કહ્યુ, અમે આવા દેશ પર ધ્યાન નહીં આપી શકીએ જે આતંકવાદથી થયેલી હિંસાના લાલ રંગમાં ડૂબેલો છે. જે દેવાથી દબાયેલી બેલેન્સ શીટના લાલ રંગથી રંગાયેલો છે અને શરમના તે લાલ રંગથી રંગાયેલો છે. જે તેમના લોકો પોતાની જ સરકાર માટે અનુભવ કરે છે જે તેમના હિતોને પૂરા કરી શકી નથી.

ખાસ વાત છે કે અમુક સમય પહેલા ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યુ હતુ કે પાકિસ્તાનનું ભવિષ્ય તેના જ નિર્ણય પર ટકેલુ છે. પાકિસ્તાન આર્થિક સંકટનો સામનો કરી રહ્યુ છે.

# વડીયા : સરદાર પટેલ વિદ્યાલયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે વિજ્ઞાન મેળો યોજાયો



વડીયા સરદાર પટેલ વિદ્યાલય માં તારીખ ૨૮–૨–૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના દિવસે વિજ્ઞાન મેળાનું આયોજન કરાયેલ હતું આ વિજ્ઞાન મેળાનું રીબીન કટીંગ કરીને ધોરણ ૭ ની વિદ્યાર્થીની યાત્રીબેન ચોવટીયાએ મેળા ને ખુલ્લો મુક્યો હતો અતિથિ વિશેષ તરીકે હર હંમેશ સરદાર પટેલ વિદ્યાલયના માર્ગદર્શક એવા વડીલ શ્રી મનોજભાઈ દવે તેમજ સરદાર પટેલ વિદ્યાલયના ટ્રસ્ટી કાંતિલાલ છોટાલાલ ગણાત્રા હતા. અને ધોરણ ૨ થી લઈ અને ૮ ધોરણ સુધીના બાળકોએ ભાગ લીધો હતો આ બાળકોની વિજ્ઞાન પ્રત્યેની ની રૂચી જે એમને શિક્ષકો દ્વારા સમજાવવા આવેલ વિષયો દ્વારા એણે અલગ અલગ પ્રયોગો બનાવી અને વડીયા ની તમામ સ્કૂલોના વિદ્યાર્થીઓને બતાવેલ તેમજ નાના નાના ભૂલકાઓના પ્રયોગો વ્યક્તિગત સમજાવીને માહિતી આપેલ હતી આ વિજ્ઞાન મેળા ના પ્રયોગો જોઈને વાલીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. તમામ પ્રયોગોમાં ખાસ કરીને સોલાર સિસ્ટમ,સ્માર્ટ સિટી,માનવ હૃદય ની રચના, અવનવી રાસાયણિક પ્રક્રિયાઓ અને કુદરતી વોટર ફિલ્ટર, પવનચક્કી, સ્મોક મશીન, ફેફસાની રચના,તેમજ ટપક, જેવી અનેક પ્રયોગો રજૂકરવામાં આવેલ હતા ખાસ કરીને માનવજીવનની અંદર બહુ જ ઉપયોગી થાય તેવા પ્રયાસો કરવામાં આવેલા હતા. આ તમામ પ્રયોગોને જોઈ વાલીઓએ બાળકોને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા તમામ પ્રયોગોની પાછળ વડીયા સરદાર પટેલ વિદ્યાલયના તમામ શિક્ષક બહેનો ખૂબ મહેનત કરેલી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય મિતુલભાઈ ગણાત્રા તેમજ સ્કુલ ના એચઓડી હેતલબેન સાદરાણી અને ટ્રસ્ટી શીતલબેન ગણાત્રા ના સાથ અને સહકાર થી ખૂબ ખૂબ સફળતા મેળવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીના ઈશ્વરીયામાં 3 મહિલાઓ

યાસ્મીનબેનદીલાવરભાઈ ખોખર, શારદાબેન રમેશભાઈ મકવાણા, અસ્મીતાબેન યશભાઈ પરમાર, ઉષાબેન હસમુખભાઈ ત્રિવેદી સહિત સાતેય પુરૂષ તથા મહીલાઓ તા.૨૮ ના બપોરના ૩/૪૫ થી ૪/૩૦ના સમય દરમ્યાન ઈશ્વરીયા ગામની સીમ વિસ્તારમાં વાડીના શેઢા પાસે જાહેરમાં, રસ્તા ઉપર પેસાની હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૩,૮૭૦ ના મુદામાલ સાથે ઝડપાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ગં.સ્વ. કુંદનબેન નવિનચંદ્ર મહેતા (ઉ.વ. ૮૧) તે અમરેલીવાળા સ્વ. કાંતિલાલ મોહનલાલ પારેખ, સ્વ. રમેશચંદ્ર મોહનલાલ પારેખ (કવિ) તથા કિરીટકુમાર મોહનલાલ પારેખના બેનનું તા. ૨૯/૨/૨૦૨૪ ગુરૂવારના રોજ મુંબઈ મુકામે અવસાન પામેલ છે.

**સંકુલ ધો. ૬ થી ૧૨ કોમર્સ સાયંસ – કુમાર શાળા પ્રવેશ**
**૧ માર્ચ થી ગુજરાતી મિડીયમ – નવા પ્રવેશ નોંધણી શરૂ**

* Entry-Exit બાયપાસ ગેઈટ – ન્યુ CBSE બિલ્ડીંગ – અલગ કમ્પાઉન્ડ
* ગર્લ્સ કેમ્પસથી સંપૂર્ણ રીતે અલગ વ્યવસ્થા – કુમાર શાળા બપોરની શીફ્ટ
* ડેઈલી હોમવર્ક ટેસ્ટ – કોર્સ પુરો થયે ડેઈલી રીપીટેડલી પરિક્ષા
* અમરેલી શહેર નાં કુમાર ને પ્રવેશ – સંકુલ આસપાસ ને પ્રવેશ પ્રાયોરીટી
* ફેમીલી સાથે રહેતા કુમાર ને પ્રવેશ – રૂમ & અપડાઉન ને પ્રવેશ નહી.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
[illegible] -Ad093

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૪ | ૧૬૨૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૦૦ | ૪૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૨૫ | ૨૯૩૦ |
| ૪ | તલ કાશ્મીરી | ૩૭૭૫ | ૩૯૦૦ |
| ૫ | બાજરો | ૪૭૪ | ૪૭૪ |
| ૬ | ઘંઉ ટુકડા | ૪૨૦ | ૬૭૭ |
| ૭ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૩૮ |
| ૮ | ચણા | ૯૬૩ | ૧૧૨૧ |
| ૯ | ચણા દેશી | ૧૦૬૪ | ૧૩૭૦ |
| ૧૦ | તુવેર | ૧૫૩૦ | ૧૮૩૫ |
| ૧૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૬૨ |
| ૧૨ | એરંડા | ૧૦૪૨ | ૧૧૦૬ |
| ૧૩ | જીરૂ | ૨૭૦૦ | ૫૧૦૦ |
| ૧૪ | રાયડો | ૮૬૭ | ૮૮૦ |
| ૧૫ | રાય | ૧૧૫૫ | ૧૧૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## પવનચક્કીની વિશાળ પાંખથી

ી જમીન, દક્ષિણ દિશામાં સર્વે નં. ૪૮૩ પૈકી ૬ વાળી જમીન આવેલ છે.

સદરહું અમોની જમીનની પશ્ચિમ દિશા તરફના શેઢા બાજુએ અડીને આવેલ સર્વે નં. ૪૮૭/૧ અને ૪૮૭/૨ વાળી જમીન આવેલ છે તે પૈકીની સર્વે નં. ૪૮૭/૨ વાળી જમીન કંપનીની માલીકીની ચાલી આવેલ છે. જે સદર જમીનમાં હાલપવનચકકી ઉભી કરવાની કામગીરી કરી રહેલ છે અને સદર જમીનમાં ઉભી કરવામાં આવતી પવનચકકીની પાંખ અમારી જમીનમાં આવે છે અને તેવી કામગીરી કરવા માટે ભારે વાહનો તથા મશીનરી, ક્રેનો અને પવનચકકીનો સર–સામાન અમારી જમીનમાં અમો અરજદારની કોઈ પણ રજા પરવાનગી વગર ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી અમોની સદર જમીનમાં દબાણ ઉભુ કરી રહેલ છે તેમજ અમારી જમીનને નુકસાન પહોંચાડી રહેલ છે.

સદર જમીનમાં થઈ રહેલ કામગીરીનાં કારણે અમો અરજદારને નુકસાન કરી રહેલ હોય જેથી અરજીને ધ્યાન પર લઈ આવું ઉભું કરી રહેલ દબાણ તથા જમીનને કરી રહેલ નુકસાન અટકાવવા સત્વરે પગલા લઈ યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં ઓળિયા અને ચરખડીયાનાં

વર્તમાન તેઓનાં સસરા અને મામાનું ગામ ઓળિયા હોય તો ઓળિયા ગામે પણ પોતાના સગા–સંબંધી અને મળ તીયાઓની સાથે મળીને ત્યાં પણ જાહેરનામું પ્રસિધ્ધ થયા પછી રોડમાં જમીનનું ઊંચું વળતર મેળવવા પોતાના મળતીયાઓની જમીન બિનખેતી કરાવીને રાષ્ટ્રના નાણા ચાઉં કરી જવાનું આયોજનપૂર્વક આ બંને ગામોમાં રોડનું એલાઈમેન્ટ ચેન્જ કરીને બંને ગામોમાં જરૂર ન હોવા છતાં બંને ગામ વચ્ચે નેશનલ હાઈવે રોડ બની શકે તેટલી જગ્યા હોવા છતાં તેઓ દ્વારા બાયપાસ રોડ બનાવીને આ એક પ્રકારનું રાષ્ટ્રના નાણા ચાંઉં કરી જવાનું કાવતરૂ રચવામાં આવ્યું છે. જેનો ભોગ ઓળિયા અને ચરખડીયા ગામના માત્રને માત્ર એટલી જ જમીન પર જેમના પરિવારનું પેટ ભરાય છે તેવા ખેડૂતોના પેટ પર પાટુ મારવાનો પ્રયત્ન કર્યો છે. જો આ મૂળ રોડમાં ફેરફાર કરીને બંને ગામમાં બાયપાસ કાઢવામાં આવે તો ઓળિયા અને ચરખડીયા ગામના ખેડૂતોની ફળદ્રુપ જમીનના ટુકડાઓ અને ભાગલા પડી જાય છે. જેથી ખેડૂતોની જમીન સંપૂર્ણ નષ્ટ થઈ જાય છે અને ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થાય તેમ છે. ખેડૂતોની આજીવિકા અને ઘર નિર્વાહ માત્ર ખેતી પર હોય છે. તો બંને ગામનાં ખેડૂતો દ્વારા હાલના એલાઈમેન્ટ ચેન્જિંગ બાયપાસ રોડ કાઢવા બાબતે સખત વિરોધ અને વાંધો દર્શાવેલ છે. બંને ગામમાં બાયપાસ રોડ થઈ રહ્યા તે બાયપાસ રોડ બંધ રાખીને હાલ જે રોડ છે ત્યાં જ આ નેશનલ હાઈવે રોડ પહોળો બનાવવામાં આવે તેમજ ખેડૂતો અને ગ્રામજોન આ રોડ મૂળ જગ્યાએ પહોળો થાય તેમાં અમારો સંપૂર્ણ સહકાર છે તેમ અંતમાં જણાવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૮૦૦ |
| ૩ | જીરૂ | ૪૧૦૦ | ૪૮૦૦ |
| ૪ | કપાસ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૦ |
| ૭ | બાજરો | ૪૫૦ | ૫૩૭ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૮૫૦ |
| ૯ | ચણા દેશી | ૧૧૧૫ | ૧૨૫૧ |
| ૧૦ | ચણા | ૧૦૧૦ | ૧૧૩૨ |
| ૧૧ | તુવેર | ૧૫૩૦ | ૧૯૦૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૦ | ૧૧૦૧ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૧૨૦૧ |
| ૧૪ | રાય | – | ૧૨૫૧ |
| ૧૫ | ધાણા | ૧૨૫૧ | ૨૫૦૧ |

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં બાઢડા નજીક

બાઢડા નજીક ૨ સિંહબાળ રોડ પર આવતા તેની માતા સિંહણ પણ આ રોડ પર આવી હતી અને પોતાના વ્હાલસોયા સિંહ બાળ ત્યાંથી પસાર થતાં વાહન હડફેટે અકસ્માતમાં ના ભેટે તેની તકેદારી સિંહણ રાખતી હતી. સિંહબાળની સંભાળ માટે સિંહણ સ્ટેટ હાઈવે ઉપર આવી જવાની ઘટનાનો વિડીયો થયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

આ બનાવમાં જાણવા મળ તી વિગત મુજબ અમરેલી જિલ્લાના સાવરકુંડલા નજીક પિપાવાવ–અંબાજી સ્ટેટ હાઈવે ઉપર બાઢડા ગામ નજીક ૨ સિંહ બાળ મસ્તીમાં મગ્ન થઈ અને અચાનક જ ટ્રાફિકથી ધમધમતા સ્ટેટ હાઈવે રોડ પર આવી જતાં આ સિંહબાળની માતા સિંહણ આકુળ વ્યાકુળ થઈ જઈ અને પોતાના બચ્ચની સુરક્ષા માટે થઈ તે પણ આ ટ્રાફિકથી ધમધમતા સ્ટેટ હાઈવે રોડ પર આવી ગઈ હતી અને પોતાના વ્હાલસોયા સિંહ બાળ ત્યાંથી પસાર થતાં વાહન હડફેટે અકસ્માતમાં ના ભેટે તેની તકેદારી સિંહણ રાખતી હતી.

સિંહબાળ પણ કોઈ પણ જાતના ભય વિના વાહનોની રોડ ઉપર પડતી લાઈટમાં રોડ પર મસ્તીએ ચડયા હતા તો બીજી તરફ આ માતા સિંહણ બચ્ચા બચાવવા ઝઝુમતી જોવા મળતી હતી. માતા સિંહણ નાના નાના સિંહ બાળને વાહન અકસ્માતથી બચાવવા બચ્ચાને મો માં લેવાની કોશિષ કરતી હોવા છતાં સિંહબાળ મસ્તીમાં મગ્ન જોવા મળતાં હતા.

ટ્રાફિકથી ધમધમતા સ્ટેટ હાઈવે પિપાવાવ–અંબાજી માર્ગ ઉપર સિંહબાળની મસ્તી વચ્ચે ટ્રાફિકજામ પણ થયો હતો અને આ સમયે પસાર થતાં વાહનચાલકોને સિંહ બાળ સાથે સિંહણના દર્શનનો લાહો મળ્યો હતો. ત્યારે સિંહબાળની સંભાળ માટે સિંહણ સ્ટેટ હાઈવે ઉપર આવી જવાની ઘટનાનો વિડીયો થયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૬૪૦ |
| ૨ | મગફળી | ૧૧૪૫ | ૧૧૭૫ |
| ૩ | જીરૂ | ૪૨૨૦ | ૪૯૯૦ |
| ૪ | ઘઉં | ૪૬૪ | ૫૭૬ |
| ૫ | ચણા | ૧૦૪૭ | ૧૧૦૩ |
| ૬ | ધાણા | ૧૨૪૦ | ૧૬૭૦ |
| ૭ | તુવેર | ૧૪૭૦ | ૧૯૮૦ |
| ૮ | રાઈ | ૧૦૩૦ | ૧૧૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૫૦ |
| ૨ | ચણા | ૯૭૩ | ૧૦૯૧ |
| ૩ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૪ | ધાણી | ૧૪૫૫ | ૧૪૫૫ |
| ૫ | ધાણા | ૧૦૦૧ | ૧૪૩૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૬૦ | ૪૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૭૧ | ૪૮૩ |
| ૮ | તુવેર | ૧૪૩૫ | ૧૮૦૧ |
| ૯ | રાય | ૫૦૫ | ૭૦૦ |
| ૧૦ | તલ | ૨૪૧૦ | ૨૪૧૦ |
| ૧૧ | મગફળી | ૯૦૦ | ૧૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં આરટીઓ કચેરીનાં કર્મચારીઓએ

ફાળવણીની જવાબદારી આરટીઓ કચેરીને સોંપવામાં આવે છે તો વાહનોનાં બિલ ચૂકવણીમાં ખૂબ વિલંબથી થાય જેથી નવા કાર્યક્રમોમાં વાહનો આવી પદ્ધતિના લીધે પૂરા પાડવામાં મુશ્કેલી થાય છે, તો વાહન વ્યવહાર કચેરીએથી ટેન્ડરીંગ કરી એજન્સી નક્કી કરી વાહનોને લગતી કાર્ય પદ્ધતિ વિકસાવવી વગેરે.જેમાં વિરોધ પ્રદર્શનમાં મુખ્યત્વે કાળી પટ્ટી ધારણ કરી, કચેરીના વડાને લેખિતમાં આવેદનપત્ર અપાશે, ટવીટર મીડિયા જેવા માધ્યમો દ્વારા રજુઆત સરકાર સુધી પહોંચાડાશે તેમજ ૪ માર્ચના રોજ માસ સી.એલ. મુકાશે, તેમ છતાં પણ ઉકેલ ન આવે તો ૧૧ માર્ચથી તમામ ગુજરાત મોટર વ્હીકલ ટેકનીકલ અધિકારીઓ સ્વયંભૂ માસ સી.એલ. પર ઉતરી જશે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી–સાવરકુંડલા માર્ગ વચ્ચે

ગંભીર અકસ્માત થયો છે. સીમરણ ગામ પાસે આવેલા જીરા ગામના વિપ્ર પરિવારના માતા પુત્ર ટુ વ્હીલરમાં સાવરકુંડલા એક પ્રસંગમાં હાજરી આપીને પરત જતી વખતે ઓચિંતા જ બમ્પ આવતા ચાલકે કાબુ ગુમાવતા તેના માતા પાછળની સીટમાંથી ઉલળીને રોડ ઉપર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થઈ છે અને પગના થાપામાં ગોળામાં ફેકચર થયેલ છે.

લોહી લુહાણ હાલતમાં ઘટના સ્થળ થી ૧૦૮ મારફત સાવરકુંડલા સિવિલ હોસ્પિટલ ખસેડાતા,ડોક્ટરે ગંભીર ઈજાઓ જોતા પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલે ૧૦૮ મારફત રિફર કરવામાં આવ્યા છે.હજુ તો થોડા દિવસ પહેલા આ જ જગ્યાએ સ્પીડ બ્રેકર્સને કારણે નાના ભંડારીયા ગામનું દંપતી ઈજાગ્રસ્ત થયેલ ત્યાં આ બીજો ગંભીર અકસ્માત થવા પામ્યો છેનેશનલ હાઈવે ઓથોરિટી અમરેલીના અધિકારીઓને લેખિત, ટેલીફોનિક વારંવાર જાણકારી આપી છે ઉપરાંત તમામ અખબારો દ્વારા ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન ખેંચાય તે માટે સમાચારો પણ પ્રસિદ્ધ થયેલ છતાં હજી સુધી આ જવાબદાર અધિકારીઓના પેટનું પાણી હલતું નથી.લોકોમાં આક્રોશ છે કે તંત્ર આ સ્પીડ બ્રેકર હટાવવા માટે કોની રાહ જોઈ રહ્યુ છે..?! શું કોઈક નિર્દોષ મોતને ભેટે તેની રાહ જોવાઈ રહી છે...?! આ સ્પીડ બ્રેકર્સને કારણે નાના નાના અકસ્માતો તો દરરોજ થાય છે,જે બહાર આવતા નથી સવાલ એ ઊઠે છે કે સ્પીડ બ્રેકર્સ અકસ્માતો નિવારવા માટે હોય કે અકસ્માતો સર્જવા માટે..?! આ ગુન્હારીત બેદરકારી પ્રત્યે સમાજના જન પ્રતિનિધિઓ પણ નેશનલ હાઈવે ઓથોરિટીના જવાબદાર અધિકારી ઓનો કાન આમળતા કેમ અચકાય છે..?! આ સ્પીડ બ્રેકર દૂર કરવા એ માત્રને માત્ર થોડી મિનિટેનું કામ છે, છતાં ખબર નહીં કે જિલ્લાનું આખું તંત્ર કેમ મુક પ્રેક્ષક બની લોકોની હાડમારીનો તમાશો જોઈ રહ્યાં છે..?!

હવે તો જાગો કે હજી કોઈ ભયંકર અકસ્માત કોઈકની જિંદગી જીવી લેશે ત્યારે તમામ અધિકારીઓ અધિકારીઓ સહિત તમામ દોડશે..!

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૫ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૩ | કપાસ | ૧૧૨૦ | ૧૬૮૦ |
| ૪ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૭૨ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૮૬૦ |
| ૭ | મગ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૮ | ચણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૯ | જીરૂ | ૪૪૦૦ | ૪૭૫૦ |
| ૧૦ | એરંડી | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૧ | સોયાબીન | ૮૦૦ | ૮૧૬ |

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા કોલેજ ગ્રાઉન્ડ ખાતે લોક ડાયરો યોજાયો



ચલાલા અને આજુ–બાજુના વિસ્તાર માટે આશીર્વાદ રૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ– ચલાલા દ્વારા પૂ.રતિદાદાના આશીર્વાદથી સર્વજ્ઞાતિય સમુહ લગ્નની ઉજવણીના ભાગ રૂપે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવેલું હતું. અરવિંદ બારોટે લોકગીત, ગીત વગેરે ગાઈને જમાવટ કરાવી હતી. મહેરાણ ગઢવી એ છંદ – દુહા સાથે જમાવટ બોલાવી હતી. ગોપાલ બારોટે ડાયરાનું સુંદર સંચાલન કરેલું હતું. હિતેશ અંટાળાએ હાસ્ય નું મોજુ ફેરવી દીધું હતું. અને બધાને પેટ પકડીને હસાવ્યા હતા. કાનજીભુટા બારોટનાં પૌત્ર અભિરાજ બારોટે લગ્ન ગીત ગાઈને માહોલ બદલી નાખ્યો હતો. લોક સાહિત્ય, હાસ્ય, તથા ભજન ગાઈ એન.આર.આઈ. મહેમાનો, ગ્રામજનો તથા આસપાસના વિસ્તારમાંથી આવેલ લોકોને ખુબ આનંદ કરાવ્યો હતો. ત્યાર બાદ મહેશભાઈ તથા શીતલબેનનો લગ્ન દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. ડાયરામાં પધારેલ મહેમાનો માટે ચા–નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતભૂષણ મહેશભાઈ મહેતા તેમજ શીતલબેન મહેતા એ કરેલું હતું.

### પૂર્વ સાંસદની આગેવાનીમાં ખેડૂતોએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

# સા.કુંડલાનાં મોટા જીંજુડા ગામ નજીક બિનખેતી વગર સોલાર પ્લાન્ટનો ધમધમાટ

અમરેલી જિલ્લાનાં લાઠી, બાબરા પંથકમાં પવનચકકીને લઈને અનેક વિવાદ બાદ હવે સોલાર પાર્કને લઈને પણ નારાજગી

ધારીનાં મોણવેલ ગામે પર્યાવરણની ઘોર ખોદીને તૈયાર થતાં સોલાર પાર્ક સામે પણ મનાઈ હુકમ આવેલ

બિનખેતી વગર અને સરકારી જમીન પર દબાણ કરીને સોલાર પાર્ક કાર્યરત હોવાનો ખેડૂતોનો આક્ષેપ

સ્થાનિક કક્ષાનાં અમુક મહેસુલ અધિકારીઓ આંખ આડા કાન ધરતા હોવાનું પણ ખેડૂતોએ જણાવ્યું






અમરેલી, તા. ૨૯

સાવરકુંડલાનાંમોટાજીંજુડા ગામનાં ખેડૂતોએ પૂર્વ સાંસદ વિરજી ઠુંમરની આગેવાનીમાં કલેકટરને આવેદનપત્ર પાઠવીને ગામ નજીક જમીનને બિખેતી કર્યા વગર અને સરકારીપડતર જમીનમાંદબાણ કરીને શરૂ થયેલ સોલાર પાર્ક વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

અમરેલી જિલ્લાનાં બાબરા, લાઠી પંથકમાં ઠેકઠેકાણે પર્યાવરણ અને સરકારી જમીનની ઘોર ખોદીને ઉભી થતી પવાચકકી સામે અવારનવાર ફરિયાદ ઉભી થઈ રહી છે. તો ધારીનાં મોણવેલ પંથકમાં પર્યાવરણને પરેશાની ઉભી કરીને તૈયાર થતાં સોલાર પાર્ક સામે બે દિવસ પહેલા મામલતદારે મનાઈ હુકમ આપેલ છે.

દરમિયાનમાં સાવરકુંડલા નાં મોટા જીંજુડા ગામે પણ મહાકાય કોર્પોરેટ કંપની ધ્વારા ગામજનો, ખેડૂતો અને નીતિ–નિયમોનો ઉલાળીયો કરીને કાર્યરત થયેલ સોલાર પાર્ક વિરૂધ્ધ ખેડૂતોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલા તાલુકાનાં મોટા જીંજુડા ગામે કંપનીનો સોલાર પ્લાન્ટ બિનખેતી થયા વગર ગેરકાયદેસર રીતે ચાલતો હોય અને સરકારી જમીનમાં પણ દબાણ કરી સોલારની પેનલ ગેરકાયદેસર રીતે ઉભી કરી દેવામાં આવી હોય છતાં પણ કંપની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.

ભૂતકાળમાં ઉપરોકત કંપની સામે યોગ્ય તપાસ થાય અને કાર્યવાહી થાય એ બાબતે તમામ સ્તરે રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ હજુ સુધી કંપની સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી.

સાવરકુંડલા અમુક અધિકારીઓ ધ્વારા કંપનીના સ્થળે રૂબરૂ મુલાકાત કરી હોવા છતાં તેમના પર આજ દિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી તેમજ સોલાર કંપની સામે આર્થિક વહીવટ કરી કંપનીને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે. કંપનીને પ્રોત્સાહન આપતા અધિકારી સામે તપાસના આદેશ આપવામાં આવે અને દિન–૩ માં ગેરકાયદેસર રીતે ચાલતા આ સોલાર પ્લાન્ટને તાત્કાલીક ધોરણે બંધ કરવાના આદેશ આપવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

ખેડૂતોએ ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલય પર આવીને તેમની હૈયાવરાળ ઠાલવી હતી.

### સાંસદ ખેલ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો

## સા.કુંડલાની વિદ્યાર્થીનીઓ રસ્સાખેંચ સ્પર્ધામાં અગ્રેસર રહી

શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા




સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની બહેનોએ સાંસદ ખેલ સ્પર્ધા અમરેલી દ્વારા યોજાયેલ જુદી જુદી રમતગમત સ્પર્ધામાં ભાગ લઈને શાળાનું નામ ગૌરવાંકિત કર્યુ છે. રસ્સા ખેંચ સ્પર્ધા તેમજ એથ્લેટિકસ સ્પર્ધામાં જવલંત સફળતા મેળવી મેડલ પ્રાપ્ત કરેલ છે. ખાસ કરીને રસ્સા ખેંચ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ આ શાળાની વિદ્યાર્થીનીઓએ મેડલ પ્રાપ્ત કરી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલનું ગૌરવ વધાર્યુ છે.

રસ્સા ખેંચ સ્પર્ધામાં નીચેની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. બેલીમ સુમૈયા એફ., સોલંકી તન્વી બી., જાડેજા સ્વાતિબા કે., આંબલિયા માનસી કે., જીરૂકા સુહાના વાય., ચણિયારા રોશની કે., કુબાવત માહિ કે., પરડવા ખુશી એમ., જાખરા તંજીમ એસ., નિમાવત નિરાલી વાય. સાથોસાથ એથ્લેટિકસ સ્પર્ધામાં નીચેની બહેનોએ નંબર અને મેડલ પ્રાપ્ત કર્યો છે. જેમાં ૪૦૦ મીટર દોડમાં પાટડીયા રાધિકા બી. અને ૨૦૦ મીટર દોડ પરમાર ચંદ્રિકા ડી., તેમજ લાંબીકૂદ કલાણિયા પ્રાર્થના બી. આ સમગ્ર કાર્યક્રમમાં શાળાનાં વ્યાયામ શિક્ષિકા દેવીબેન રાઠોડ તેમજ શાળાનાં આચાર્યા ઉષાબેન તૈરૈયાએ માર્ગદર્શન અને અભિનંદન આપ્યા હતા. આમ શાળાની બહેનો અભ્યાસ સાથે વિવિધ રમતગમતોમાં કૌશલ્ય ધરાવે છે.

## સાવરકુંડલા બ્રાન્ચ શાળા નં. પાંચમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી




સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નં. પાંચ ખાતે વૈજ્ઞાનિક સી.વી. રામનનાં માનમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની શાનદાર ઉજવણી કરાઈ હતી. આ તકે શાળાનાં વિજ્ઞાન વિષયનાં શિક્ષક હિરેનભાઈ જીકાદ્રા, ભાર્ગવભાઈ પંડયાના માર્ગદર્શન હેઠળ સૌ વિદ્યાર્થીઓએ વિજ્ઞાનનાં સિધ્ધાંતો આધારીત વર્કીંગ મોડેલનું નિર્માણ કરેલ તથા આ મોડેલનું પ્રદર્શન પણ શાળા ખાતે યોજવામાં આવેલ. જેમાં શાળાના આચાર્યએ તથા વાલીગણ દ્વારા પ્રદર્શનની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ તથા સમગ્ર કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે સાયન્સ કિવઝ, પ્રયોગ નિદર્શન, વકતૃત્વ સ્પર્ધા સહિતનાં કાર્યક્રમ પણ યોજવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં શિક્ષકો ભરતભાઈ, હસમુખભાઈ, નિરવભાઈ, સેજલબેન, પૂનમબેન, ગીતાબેન, ડિમ્પલબેન, અરુણાબેન, વિલાસબેન, હર્ષાબેને જહેમત ઉઠાવી હતી.

### મહા શિવરાત્રી નજીક આવી રહી છે, ત્યારે શિવલિંગની પૂજા કરનાર ભકતો સાવધાન

## શિવલિંગની પૂજા, ઉપાયો સાથે કરશો તો ભોળેનાથ જલ્દી તમારૂ સાંભળી લેશે

શિવલિંગની પૂજા, આડેધડ કરશો તો લાભને બદલે હાની પહોંચશે




સાવરકુંડલા, તા. ૨૯

વેદવ્યાસ દ્વારા શિવ પુરાણમાં ભગવાન શિવની પૂજાના નિયમો સાથે જોડાયેલી ઘણી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

શિવ પુરાણના સોળમા અધ્યાયમાં શિવલિંગ પૂજાના કેટલાક નિયમોનું વર્ણન કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં જો આ નિયમોને ધ્યાનમાં રાખીને શિવલિંગની પૂજા કરવામાં આવે તો મહાદેવ પ્રસન્ન થાય છે અને ભકોની તમામ મનોકામનાઓ પૂર્ણ કરે છે.

સોમવાર ભોલેનાથને સમર્પિત છે. આ દિવસે વ્યવસ્થિત અને નિયમિત રીતે ભગવાન શિવની પૂજા કરવાથી ભક્તોના તમામ દુઃખ દૂર થાય છે. તે જ સમયે મહાશિવરાત્રીનો તહેવાર ફાગણ મહિનાના શુક્લ પક્ષની ચતુર્દશી તિથિએ ઉજવવામાં આવે છે. આ દિવસે પણ ભગવાન શિવની કૃપા મેળવવા અને તેમને પ્રસન્ન કરવા માટે શિવલિંગની પૂજાના નિયમોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.

શિવલિંગની પૂજા કરતી વખતે આવાતોનું પ્રયાન રાખો.

શિવ પુરાણ અનુસાર જો તમે માટીના બનેલા શિવલિંગ અથવા કોઈપણ દેવતાની પૂજા કરો છો, તો વ્યક્તિ ચોક્કસપણે પુણ્ય પ્રાપ્ત કરે છે. તેમજ તેની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. શિવપુરાણ અનુસાર મૂર્તિ બનાવવા માટે કોઈપણ નદી, તળાવ, કૂવા વગેરેની માટીનો ઉપયોગ કરવો જોઈએ. માટીમાં દૂધ ઉમેરીને શિવલિંગ અથવા કોઈપણ દેવી–દેવતાની મૂર્તિ બનાવો. આ પછી પદ્માસન કર્યા પછી જ શિવલિંગની પૂજા કરો.નિયમ પ્રમાણે જ પૂજા કરો.

શિવપુરાણમાં કહેવામાં આવ્યું છે કે જો નિયમિત રીતે પૂજા કરવામાં આવે તો ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને આશીર્વાદ વરસાવે છે. શિવપુરાણ અનુસાર ભગવાન શિવ, માતા પાર્વતી, ભગવાન સૂર્ય, ભગવાન વિષ્ણુ અને શિવલિંગની પૂજા કરવા વિશે કહેવામાં આવ્યું છે. કહેવાય છે કે ૧૬ ઉપાયોથી પૂજા કરવાથી સાધકની મનોકામના જલ્દી પૂરી થાય છે. સાવરકુંડલાના પ્રખર, પ્રકાંડ પંડિત રાજા દાદા ધમલની સલાહ અનુસાર શિવલિંગ પૂજાના નિયમો જાણી લો.

જયોતિષ શાસ્ત્ર અનુસાર શિવલિંગની પૂજા હંમેશા બેસીને કરવી જોઈએ. શિવલિંગ પર ધીમે ધીમે જળ ચઢાવવું શુભ માનવામાં આવે છે. કેટલાક લોકો તીક્ષ્ણ પ્રવાહ સાથે પાણી આપે છે, આ બિલકુલ ન કરો. શિવપુરાણ અનુસાર શિવલિંગની જલહરીમાં પૂજાનીવસ્તુઓ ક્યારેય ન રાખવી જોઈએ અને પરિક્રમા કરતી વખતે જલહરીને સ્પર્શ કરવો જોઈએ નહીં.

શાસ્ત્રો અનુસાર હંમેશા શિવલિંગની અડધી પરિક્રમા જ કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ઉત્તર તરફ મુખ રાખીને શિવલિંગની પૂજા કરવી શુભ છે. આ સિવાય શિવલિંગની પૂજા અને જળ અર્પણ કરતી વખતે..

'ઓમ પાર્વતીપતયે નમઃ 'નો જાપ કરો.

ઓમ પશુપતયે નમઃય ઓમ નમઃ શિવાય શુભમ શુભમ કુઢ કુઢ શિવાય નમઃ ઓમ' નો જાપ કરવો જોઈએ.

આ સિવાય ધાતુથી બનેલા શિવલિંગ પર ચઢાવવામાં આવેલ પ્રસાદ ખાઈ શકાય છે. તમને જણાવી દઈએ કે પારો, ચાંદી, તાંબા અને પિત્તળથી બનેલા શિવલિંગની પૂજા દરમિયાન ચઢાવવામાં આવતો પ્રસાદ ભગવાન શિવનો અંશ માનવામાં આવે છે. તેથી તે સ્વીકારી શકાય છે.શિવલિંગ અભિષેકનું ખૂબજ મહત્વ છે. શિવપુરાણ અનુસાર જીવન અને મૃત્યુના બંધનમાંથી મુક્તિ મેળવવા માટે શિવલિંગની પૂજા પદ્ધતિસર કરવી જોઈએ. ગાયનું દૂધ, દહીં અને ઘી ને મધ અને સાકર ભેળવીને પંચામૃત બનાવીને આ પંચામૃત ચઢાવવાથી શુભ ફળ મળે છે. દૂધ અને અનાજ મિક્સ કરીને પ્રસાદ તૈયાર કરીને ભગવાન શિવને પ્રણવ મંત્ર 'ઓમ નો જાપ કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે. સંકલન : પ્રતાપ ખુમાણ સાવરકુંડલા

### સુન્ની મુસ્લિમ જમાત અને ઉર્ષ કમિટી દ્વારા

## બાબરા ખાતે ઉર્ષ શરીફ અને સમૂહ શાદીનું આયોજન કરાયું

૨૧ દુલ્હા દુલ્હને પીરેતરીકત સહિતની ઉપસ્થિતિમાં નિકાહ કબુલ્યા




બાબરા, તા. ૨૯

બાબરાનાં કરીયાણા રોડ સ્થિત આવેલ હિંદુ મુસ્લિમ સમાજનાં આસ્થાનાં પ્રતિક સમા ભંગડશા પીરની જગ્યામાં ગત તા. ૨૦/૨/૨૦૨૪નાં રોજ ભંગડશા પીરનો ઉર્ષશરીફ અને સાંજે ૪ કલાકે સમસ્ત મુસ્લિમ સમાજ અને ભંગડશા પીર ઉર્ષ કમિટીનાં આયોજન હેઠળ ૨૧ યુગલો નિકાહ કબુલ કર્યા હતા. આ તકે પીરો મુશીદો ઉપસ્થિત રહી પોતાની દુવા રજુ કરી હતી અને સમૂહ શાદીમાં પોતાનું આર્થિક અને સામાજિક અનુદાન આપનારા સૌ કોઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

કમિટી વતી સુન્ની મુસ્લિમ જમાતનાં આગેવાન રહીમભાઈ અજમેરીનાં જણાવ્યા મુજબ સમાજની ૨૧ દીકરીઓને સમાજનાં યોગદાન કમિટી વતી સુન્ની મુસ્લિમ જમાતનાં આગેવાન રહીમભાઈ અજમેરીનાં જણાવ્યા મુજબ સમાજની ૨૧ દીકરીઓને સમાજનાં યોગદાન થકી શાદી નિકાહ સંપન્ન અને દાવેતે આમ ભોજન વ્યવસ્થા કરાવી દાતા પરિવારો દ્વારા જીવન જરૂરી ચીજ વસ્તુ ભેટ સોગાદરૂપે આપવામાં આવી હતી. સમૂહ શાદી માટે સમાજનાં યુવાનો સ્વયંસેવક તરીકે કામગીરી બજાવી હતી. જે સૌ કોઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

### જય જજુમ્યો પણ વિજય યમરાજનો થયો

## જામનગરના વિખ્યાત એકટર યુવા ઉદ્યોગપતિ જય વિઠલાણીનું દુ:ખદ અવસાન

ગુજરાતીફિલ્મ 'કમઠાણ'માં મહત્વની ભૂમિકા ભજવી હતી

(પ્રતાપ ખુમાણ)

સાવરકુંડલા, તા. ૨૯

રંગભૂમિ અને ઉદ્યોગ જગતનો વધુ એક સિતારો બુજાઈ ગયો. જામનગરના વિખ્યાત એકટર યુવા ઉદ્યોગપતિ એવા જય પ્રભુદાસભાઈ વિઠલાણીનું રાજકોટ ખાતે દુઃખદ અવસાન થયું છે. ૪૨ વર્ષની યુવા વયે, લાંબી બીમારી સામે જજુમ્યા બાદ ગત મોડી સાંજે તેમણે રાજકોટની સીનર્જી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં.અનેક ગુજરાતી,હિન્દી નાટકો અને ફિલ્મોમાં તેમને યાદગાર પાત્રો ભજવ્યો હતાં. તાજેતરમાં જ રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ 'કમઠાણ' માં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના પરિવાર અને વિશાળ મિત્ર વર્તુળ ને વિલાપ કરતા છોડી, તેઓએ આજે અનંતના માર્ગે પ્રયાણ કર્યુ હતું.



સદ્ગતની અંતિમ યાત્રા આજે તા. ૨૯ ના ગુરૂવારે સવારે ૮ કલાકે એમનાં નિવાસ સ્થાન વ્રજ રેસીડેન્સી, ૮ પટેલ કોલોની, દીપ ભવનની પાછળ, જામનગર ખાતેથી નીકળી હતી. અંતિમ યાત્રામાં તેમના સગા–સંબંધીઓ, ઉદ્યોગકારો, વિશાળ મિત્ર સમુદાય જોડાયા હતાં.

## બાબરાનાં ખેડૂતે મામલતદારને પત્ર પાઠવીને કરી રજૂઆત

# પવનચક્કીની વિશાળ પાંખથી પડોશી ખેડૂત પરેશાન

**પવનચક્કીનાં સંચાલકોની પહોંચ એટલી મોટી છે કે તેઓ કોઈની પરેશાની સમજવા તૈયાર નથી**

**વીજળી ઉત્પન્ન કરવાની આંધળી દોટમાં પર્યાવરણ કે અન્ય કોઈની ચિંતા જ કરવામાં આવતી નથી**

**કરોડો રૂપિયાનાં આસામી હોવાથી સમગ્ર તંત્રને મુઠ્ઠીમાં રાખતા હોય કોઈનો ડર રહ્યો નથી**

**પવનચક્કી ઉભી કરવા માટે વિશાળ કાયનાં વાહનો અને સાધનોની અવરજવરથી સૌ ભયભીત**



અમરેલી, તા. ૨૯

બાબરા પંથકમાં નિયમોનો ઉલાળીયો, પર્યાવરણની ઘોર ખોદીને જગતાત ગણાતા ખેડૂતોની પરેશાની સમજયા વગર આડેધડ ઉભી થતી પવનચક્કીનાં કારણે દિ'ઉગેને કોઈને કોઈ ફરિયાદ સામે આવી રહી છે અને વિશાળસંપત્તિ ધરાવતાં સંચાલકો સમગ્ર તંત્રને પણ મુઠ્ઠીમાં રાખી રહ્યા હોય બાબરાનાં ખેડૂત પ્રતાપભાઈ લાલુએ મામલતદારને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બાબરા તાલુકાનાં મોજે ગામ બાબરાનાં રે.સ.નં. ૪૮૩/૧ પૈકી ૭, જેનો ખાતા નં. ૧૪૬૩ વાળી કુલ ક્ષેત્રફળ હે.આર. ચો.મી. ૩-૨૨-૨૪ વાળી ખેડ ખાતાની જમીન અમો અરજદારના નામ પર ચાલી આવેલ છે. સદર જમીનની પૂર્વ દિશામાં સર્વે નં. ૪૮૩/૧ વાળી જમીન તથા પશ્ચિમ દિશાએ સર્વે નં. ૪૮૭/૧ તથા ૪૮૭/૨ વાળી જમીન, ઉત્તર દિશા તરફ નીલવડા ધાર અને તેનો સીમાડો અને હરીજન મંડળીની જમીન સર્વે નં. ૪૮૩ પૈકી વાળ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## રાજય સરકારને કરેલ રજૂઆત નિષ્ફળ જતાં

# અમરેલીનાં આરટીઓ કચેરીનાં કર્મચારીઓએ પડતર માંગ પૂર્ણ કરવા માંગ કરવામાં આવી

**૪ માર્ચનાં રોજ સામૂહિક રજા પર ઉતરશે**

અમરેલી, તા. ૨૯

અમરેલી સહિત રાજયભરની આરટીઓ કચેરીના ઈન્સ્પેકટર સહિતના ટેકનિકલ સ્ટાફ પોતાની અલગ અલગ પડતર માંગણીઓને લઈને સરકાર સામે વિરોધ કરી રહયા છે. જેમાં ટેકનિકલ અધિકારીએ યુનિફોર્મ પર કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. જેમાં સરકાર સામે અગત્યની પડતર માંગણીઓમાં મુખ્યત્વે પ્રોબેશન પિરિયડ પૂર્ણ કરી કાયમી ભરતી કરવા, ચેકપોઈન્ટ પર કન્ટેનર, વજન કાંટા, શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવાં, અધિકારીઓને નનામી અરજીઓના આધારે નોટીસ આપવાનું



બંધ કરવા, વાહનોમાં ટેક્ષ ભરાયેલ ન હોય તે વાહનોને ડીટેઈન કરવા, ચેકપોઈન્ટની પાસે સરકારી જગ્યાની વ્યવસ્થા કરી આપવા, ચેકીંગ ડયુટી દરમિયાન સતત સળંગ ૭ દિવસ રવિવાર કે તહેવારની વળતર રજાનો લાભ કરી આપવા અથવા તો વળતર રજાનું ભથ્થું આપવા બાબત નિર્ણય લેવા, દર ૨ વર્ષે યુનિફોર્મ અલાઉન્સ ચાલુ કરી આપવા, વોશીંગ અલાઉન્સ, પતિ-પત્નિના કિસ્સાઓમાં બદલીપાત્ર અધિકારીઓની બદલી, સરકારી કાર્યક્રમો, સભાઓ, ઈલેકશનમાં વાહન

**અનુસંધાન પાના ૬ ઉપર**

## બપોરનાં સમયે સીમ વિસ્તારમાંથી

# અમરેલીના ઈશ્વરીયામાં 3 મહિલાઓ સહિત ૭ વ્યકિતઓ જુગાર રમતા ઝડપાયા

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૯

અમરેલી ગામે રહેતા શરદભાઈ ગીરધરભાઈ દેવમુરારી, પરેશભાઈ પ્રાણભાઈ ચાવડાગોર, અમીનભાઈ સતારભાઈ જેઠવા,

**અનુસંધાન પાના ૬ ઉપર**


જોઇએ છે

કોમ્પ્યુટર ઓપરેટર.....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય...............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



NETRA CHIKITSA TRUST

MULTI SPECIALITY HOSPITAL

Managed by Netra Chikitsa Trust Amreli

બાળરોગ વિભાગ

અમરેલીની જૂની અને જાણીતી હોસ્પિટલમાં હવે PM-JAY યોજના અંતર્ગત નવજાત શિશુથી માંડીને 15 વર્ષ સુધીના બાળકોની મફત સારવાર ઉપલબ્ધ

હવે સલાહ લો

વધારે માહિતી માટે

9978966629



ડૉ.કલ્પેશ વઘાસિયા

બાળરોગ નિષ્ણાંત



આમ આદમીનું અખબાર

અમરેલી amreli express એક્સપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

સચોટ-સટીક સાતત્યસભર દૈનિક

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

લવાજમની મુદ્દત

તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com

e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)